
પ્રેમાનંદ આખ્યાન શ્રેણી

# કુંવરબાઈનું મામેરું




સંપાદક

રમણ સોની

એકત્ર ફાઉન્ડેશન

# કુંવરબાઈનું મામેરું – પ્રેમાનંદ

આખ્યાન-કાવ્ય



સંપાદક
રમણ સોની

# કુંવરબાઈનું મામેરું

સંપાદક

રમણ સોની

શ્રેણી-સંપાદક   રમણ સોની

## ક્રમ


પ્રસ્તાવના

કવિ-પરિચય : પ્રેમાનંદ

કૃતિપરિચય : કુંવરબાઈનું મામેરું

સંપાદક-પરિચય

હસ્તલિખિતનું મુદ્રિત રૂપ

કાવ્યકૃતિ કુંવરબાઈનું મામેરું TEXT

○

આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

પ્રેમાનંદ :  સમય, જીવન અને સર્જન

કુંવરબાઈનું મામેરું આસ્વાદ-સમીક્ષા

## પ્રાસ્તાવિક : શ્રેણી-સંપાદક

આ સંપાદન-શ્રેણી સમર્થ મધ્યકાલીન કવિ પ્રેમાનંદનાં, પહેલે તબક્કે પાંચ આખ્યાનોને ઈ-શ્રેણી રૂપે પ્રગટ કરે છે. જુદાજુદા અભ્યાસી સંપાદકોએ એનું સંપાદન સંભાળ્યું છે અને એમની વિશેષતાઓ એમાં પરોવાઈ છે. પરંતુ, એ સાથે જ, એની રજૂઆતને એક ઘાટ આપવા માટે એનું પરિરૂપ સમાન રાખ્યું છે. શ્રેણી-સંપાદક તરીકે, દરેક આખ્યાનને સર્વસામાન્યરૂપે લાગુ પડે એવા કેટલાક લેખન-અંશો મેં તૈયાર કરીને સામેલ કર્યા છે.

આ આખ્યાનોના દરેક સંપાદકે– (૧) વિવિધ મુદ્રિત વાચનાઓને સંકલિત કરીને એક સુગમ વાચના તૈયારકરી છે, (૨) દરેક કડવાને આરંભે ટૂંકી પ્રવેશક નોંધો મૂકી છે, (૩) પ્રવેશક તરીકે સંક્ષિપ્ત કૃતિ-પરિચય આપવા ઉપરાંત (૪) આખ્યાન-કૃતિનો આસ્વાદલક્ષી અભ્યાસ પણ રજૂ કર્યો છે. એ રીતે આ સંપાદનો શાસ્ત્રીય ઉપરાંત સર્વગ્રાહી અને રસપ્રદ વાચન બન્યાં છે.

# મધ્યકાલીન સાહિત્યનો વિશેષ

ગુજરાતીનો મધ્યકાળ એટલે અંગ્રેજ પ્રજા અને એમની સંસ્કૃતિનો સંપર્ક આપણને થયો એ પહેલાંનો – લગભગ ૧૮મી સદી પહેલાંનો સમય.

માનવસમાજનું રૂપ તો ત્યારે પણ આનંદ અને દુખ, રાગ અને દ્વેષ, ઉદારતા અને સંકુચિતતા, વેર અને મૈત્રી – એવાં વૃત્તિ અને વ્યવહારોવાળું હતું.

પરંતુ આવા માનવજીવન પર ધર્મનો પણ એક વ્યાપક પ્રભાવ હતો. અનેક સાધુ-સંતો, કથાકારો-કીર્તનકારો તરફથી પણ પ્રજાને ઈશ્વરભક્તિના સંસ્કારોનું પોષણ મળતું હતું. પદ-ભજન-કીર્તન-આરતીનાં ગાન તથા પુરાણીઓની કથાઓનું શ્રવણ લોકોના જીવનનો, એમનાં સુખ-શાંતિ-શ્રદ્ધાનો મહત્ત્વનો ભાગ હતાં.

પ્રાચીન સંસ્કૃતિના વારસારૂપ પંથો-સંપ્રદાયો પણ હતાં – શૈવ, વૈષ્ણવ, જૈન, ઈસ્લામ, વગેરે. પરંતુ દરેક પોતપોતાનો ધર્મ પાળે એવો સમ-ભાવ હતો

એ સમય ગુજરાતી ભાષામાં નરસિંહ અને મીરાં, પ્રેમાનંદ અને અખો, સમયસુંદર અને રવિસાહેબ, શામળ અને દયારામ, સહજાનંદી સાધુ-કવિઓ અને મુસ્લિમ-ખોજા કવિઓ, દલિતવર્ગી કવિઓ અને સ્ત્રી કવિઓથી રળિયાત હતો. આશરે ૧૪મી-૧૫મી સદીથી ૧૯મી સદીની અધવચ સુધી એ પ્રવાહ વહેતો રહ્યો.

આ ભક્ત કવિઓએ નર્યું ભક્તિગાન કે કથાગાન કર્યું ન હતું, એમને કવિતા અને કથાની પૂર્વકાલીન-તત્કાલીન પરંપરાઓનો તેમ જ સંસ્કૃત સાહિત્યની પરંપરાઓનો પણ પરોક્ષ ને ક્યાંક સીધો પરિચય અને સમજ હતાં. પોતાનું વિશિષ્ટ કવિકૌશલ પણ હતું. એથી બહુ તેજસ્વી અને પ્રતિભાશાળી સર્જકો એ સમયે પણ થયા જ છે.

**–શ્રે.**

## કવિપરિચય : પ્રેમાનંદ

ઉત્તમ સર્જક સમયના કોઈપણ તબક્કે મળી આવે. એ રીતે પ્રેમાનંદ ૧૭મી સદીના એક પ્રતિભાવંત અને લોકપ્રિય ગુજરાતી સર્જક હતા.

એક કુશળ કથાકારની ને શબ્દમરમી કવિની એમ બેવડી શક્તિ એમનામાં હતી. કથન-પરંપરાનો ને પ્રાચીનકાવ્યો-કથાનકોની પરંપરાનો એમને પરિચય હતો. રજૂઆતની કળાની કોઠાસૂઝ પણ એમનામાં હતી. એક વ્યવસાયી કથાકાર તરીકે પોતાનાં આખ્યાનકાવ્યોને ગાયન-પઠન-અભિનયન એમ ત્રિવિધ રીતે રજૂ કરતા પ્રેમાનંદ એમના ભાવિક-રસિક શ્રોતા-સમુદાયને કથા-કવિતાનું રસપાન કરાવતાં એમને દિવસો સુધી લીન કરી શકતા હશે. જે રીતે આજની ટીવી-શ્રેણીઓમાં એના આકર્ષક ઘટના-અંશો(એપિસોડ્ઝ) રસપ્રદ પ્રસંગ આગળ અટકે ને પછીનો કથા-અંશ જોવા પ્રેક્ષકોને બેતાબ કરે એવી કુશળ-રસિક કથનશૈલી પ્રેમાનંદની પણ હતી.

પરંતુ પ્રેમાનંદે આવું લોક-રંજન જ કરેલું એમ નથી, એક પરિપક્વ કવિ અને કલ્પનાશીલ કથનકલાકાર તરીકે પ્રાચીન કથા-ઘટનાઓનું સારસત્ત્વ ગ્રહણ કરીને તથા પાત્રોનાં અંતરમાં ઊંડે ઊતરીને, પ્રસંગો-પરિસ્થિતિઓના ઝીણા મર્મો ઉઘાડીને, એમણે માનવ-ભાવનાની અને ઊર્મિની સૂક્ષ્મતાઓનો સ્પર્શ પણ કરાવેલો છે. જે રીતે માનવજીવન-વ્યવહારનો એમને બહોળો પરિચય હોવાનું જણાય છે, એવી જ રીતે માનવમનનાં વિવિધ સ્તરોને જોઈ શકનારી સર્જકદૃષ્ટિ પણ એમનામાં હતી. એથી આજે આપણી વિકસિત સાહિત્ય-રુચિને પણ, પ્રેમાનંદનાં આખ્યાનો પ્રસન્ન ને પ્રભાવિત કરી શકે છે.

એમણે રચેલાં ઘણાં આખ્યાનોમાં ઓખાહરણ (રચના ૧૬૬૭), સુદામાચરિત્ર(૧૬૮૨), મામેરું(૧૬૮૩), અને નળાખ્યાન(૧૬૮૬) વિશેષ મહત્ત્વનાં છે.

**–રમણ સોની**

## કૃતિપરિચય : 'કુંવરબાઈનું મામેરું'

આ આખ્યાન પ્રેમાનંદનાં બધાં આખ્યાનોમાં ઉત્તમ અને રમણીય ગણાયું છે. એ નાનું છે, સુઘડ છે, એક જ કથાપ્રસંગ પર રચાયેલું છે.

નિર્ધન નરસિંહ મહેતા, ઈશ્વર પરની દઢ શ્રદ્ધાથી પુત્રી કુંવરભાઈનું મામેરું ઉત્તમ રીતે પાર પાડે છે. એ મુખ્ય પ્રસંગના પેટાપ્રસંગો અને પાત્રો છે : મહેતાની ભક્તિ અને નિર્ધનતાનો ઉપહાસ કરતી ટિખળખોર પણ નિષ્ઠુર ને અભિમાની નાગરી નાત, એવાં હીણાં સાસરિયાં અને પ્રેમાળ નિર્દોષ પિતા વચ્ચે – શ્રદ્ધા અને સંદેહની ફડક વચ્ચે પીસાતી કુંવરબાઈ, પરમ નિઃસ્પૃહ પણ પુત્રીવત્સલ ભક્ત નરસિંહ, એમને સહાય કરવા શેઠ-શેઠાણીનું રૂપ લઈને આવતાં વિષ્ણુ અને લક્ષ્મી. આવાં વિવિધ ચરિત્રો, ઉપહાસ-ઉચાટ-રાહત-આનંદ રૂપે બદલાતી જતી પરિસ્થિતિઓ, હાસ્ય-કરુણ-અદ્‌ભુતના રસપલટા, પ્રસંગોને આબેહૂબ તાદશ કરતું ને બહેલાવતું કથાકારનું કૌશલ તેમ જ લયની, પ્રાસની, રાગઢાળની, શબ્દોની ને એમના માર્મિક અલંકરણની સુંદરતાથી સોહતું કવિનું સર્જનકર્મ –એ બધું પ્રસન્ન કરનારું અને તે સમયના શ્રોતાઓની જેમ જ આજના વાચકને પણ રસ-તરબોળ કરનારું બન્યું છે.

આખ્યાનનો કથન-પ્રવાહ એવો અસ્ખલિત છે કે કાવ્ય આરંભથી અંત સુધી આહ્‌લાદક આનંદ આપે છે.

તો, હવે કાવ્યમાં પ્રવેશીએ –

(કાવ્ય વિશે આસ્વાદલક્ષી વિગતવાર વાત આ આખ્યાનકાવ્ય પૂરું થયા પછી કરી છે.)

**– રમણ સોની**

## સંપાદક-પરિચય

ચાર દાયકા સુધી ગુજરાતી ભાષાસાહિત્યનું અધ્યાપન કરીને વડોદરાની મ.સ.યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયેલા, અને ૧૯૮૦-૮૫ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદ-નિર્મિત ગુજરાતી સાહિત્યકોશના એક સંપાદક રહેલા **પ્રો. રમણ સોની**(જ. ૭-૭-૧૯૪૬) ગુજરાતીના વિવેચક, નિબંધકાર, અનુવાદક, સંશોધક અને સંપાદક છે.

*કવિ-વિવેચક ઉશનસ્* એ શોધનિબંધમાં તથા *વિવેચનસંદર્ભ, સાભિપ્રાય, સમક્ષ*,વગેરે વિવેચનગ્રંથોમાં વસ્તુના નક્કર સ્પર્શવાળું વિવેચન આપનાર ડૉ. સોની ગુજરાતી વિવેચનના વિશેષો અને વિલક્ષણતાઓ પર સતત નજર રાખતા રહ્યા છે. મરમાળી અભિવ્યક્તિથી નિ:સંકોચપણે નિર્ભીત વિવેચન કરવા છતાં વિવેચનમાં એમનો મૂળ અભિગમ તટસ્થ, વિધાયક અને ઇતિહાસલક્ષી રહ્યો છે. એમણે મધ્યકાલીન અને અર્વાચીન કૃતિઓનાં નમૂનેદાર શાસ્ત્રીય સંપાદનો આપ્યાં છે એમાં ૧૬મી સદીના કવિ વિષ્ણુદાસકૃત *ચંદ્રહાસ-આખ્યાન*નું સમીક્ષિત સંપાદન ઉત્તમ છે. સમયદર્શી સાહિત્યસંદર્ભકોશના ૪ ગ્રંથો એમનું યશસ્વી કોશકાર્ય છે.

જેની ૧૭ આવૃત્તિઓ થઈ છે એ *તોત્તોચાન* ઉપરાંત *અમેરિકા છે ને, છે જ નહીં* –જેવા સહજ સુંદર અનુવાદગ્રંથો, *વલ્તાવાને કિનારે* તથા *હિમાલય અને હિમાલય* જેવાં પ્રવાસ-પુસ્તકો, *સાત અંગ, આઠ નંગ, અને*– જેવો હાસ્યનિબંધસંગ્રહ સર્જકતાનો સ્પર્શ ધરાવે છે. એમણે કરેલાં અનેકવિધ અભ્યાસશીલ સંપાદનોમાં શાસ્ત્રીયતા અને વિવેચકની સજ્જતાનો સુમેળ છે.

અઢી દાયકા(૧૯૯૧-૨૦૧૭) સુધી એમણે કરેલા *પ્રત્યક્ષ* સામયિકના સંપાદને પુસ્તક-સમીક્ષા-ક્ષેત્રે અમીટ છાપ છોડી છે. પ્રત્યક્ષના ઉપક્રમે થયેલા *નેપથ્યેથી પ્રકાશવર્તુળમાં* તથા *અવલોકનવિશ્વ* જેવા મહત્ત્વના બૃહદ સંપાદનગ્રંથો ચિરસ્મરણીય છે.

વિવેચનમાં તેમજ સર્જનાત્મક લેખનમાં એમનું સઘન છતાં મરમાળુ ગદ્ય હંમેશાં રસપ્રદ બની રહે છે એ તેમની વિશેષ ઓળખ છે. **–કિશોર વ્યાસ**

## હસ્તલિખિત સાહિત્યમાંથી મુદ્રિત સાહિત્ય
## અને આ ઈ-સંપાદન

પ્રાચીન-મધ્યકાલીન સાહિત્યની પહેલી પરંપરા તે ગાન અને શ્રવણની પરંપરા. પેઢી દર પેઢી એ ચાલતી રહેલી. એની સાથેસાથે એ હસ્ત-લિખિત રૂપે પણ આગળ ચાલતી રહેલી. એમ જૂનું સાહિત્ય હસ્ત-પ્રતોમાં સચવાતું રહ્યું.

કંઠ-પરંપરામાં આ ગીતો-ભજનો બીજી મંડળી સુધી ને પછી બીજી પેઢી સુધી જાય ત્યારે એમાં શબ્દો બદલાય, ક્યારેક ઉમેરાય. એ જ રીતે હસ્તપ્રતોની પણ જ્યારે સમય જતાં, બીજા લહિયાદ્વારા, નવી નકલ થાય ત્યારે એમાં પણ શબ્દો બદલાય, લેખનની ભૂલો થાય, ઉમેરા થાય, પંક્તિઓની વધઘટ સુદ્ધાં થાય! જ્યાં જુદું સંભળાય, ખોટું વંચાય ત્યાં ફેરફારો થાય જ.


એમ, (ટૂંકા કે લાંબા) એક જ કાવ્યનાં એકથી વધારે રૂપ મળે – એક જ કાવ્યની એકથી વધારે હસ્તપ્રતો મળે. અનેક કવિઓનાં કાવ્યોની આવી બહુસંખ્ય હસ્તપ્રત-પોથીઓ જૈન ભંડારોમાં ને પ્રાચ્ય વિદ્યાની વિવિધ સંસ્થાઓનાં ગ્રંથાલયોમાં સચવાયેલી છે.

એટલે, પ્રિન્ટિંગ પ્રેસ આવ્યું ત્યારે એ હસ્તપ્રતોને મુદ્રણ રૂપ આપતાં પહેલાં એના જાણકાર વિદ્વાનો, એક કૃતિની વિવિધ પ્રતોનો યોગ્ય અભ્યાસ કરીને એક મુખ્ય પાઠ(text) તારવે ને છોડી દીધેલા અન્ય પાઠો/શબ્દો ફૂટનોટ રૂપે નોંધે-સાચવે. એ સંશોધિત સંપાદન(critical text) પછી મુદ્રિત થાય.

‘કુંવરબાઈનું મામેરું’નાં આવાં જે મહત્ત્વનાં સંપાદનો થયાં છે એ દરેકમાંના સ્વીકૃત પાઠો અને પાઠાન્તરો તપાસીને, કાવ્યમાંના લયની-ઢાળની-અર્થની સંવાદિતાને, એકવાક્યતાને તથા સુગમતાને ધ્યાનમાં રાખીને મેં સંકલિત કરેલા પાઠનું આ ઈ-સંપાદન કર્યું છે. –સંપાદક

ઉપયોગમાં લીધેલાં સંપાદનોના સંપાદકો મગનભાઈ દેસાઈ, ચિમનલાલ ત્રિવેદી, કે.કા. શાસ્ત્રી અને શિવલાલ જેસલપુરાનો હું ઋણી છું. –ર.

હસ્તપ્રત :  કુંવરબાઈનું મામેરું. આરંભનું પાનું (સૌજન્ય – ગુજરાત વિદ્યાસભા)



# કુંવરબાઈનું મામેરું

દરેક કડવાની શરૂઆતમાં જે નોંધ મૂકી છે એ આસ્વાદ-પ્રવેશ માટે છે.

## કડવું ૧

[કાવ્યના આરંભે દેવ-સ્તુતિની પ્રાચીન પરંપરા હતી. કવિ ગુરુ,ગણપતિ સાથે શારદા – સરસ્વતીને પણ વંદે છે. પછી, *સમરું સુખદાયી સર્વદા*-માં **સ**, અને *મનમુદા કહું મામેરું મહેતા તણું...*-એમાં **મ** – એવા ઉચ્ચાર-આવર્તનના સૂર સંભળાય છે. આવો વર્ણ-પ્રાસનો લય આખા કાવ્યમાં ઘણી વાર સંભળાશે. કાવ્યના કથનનો એ વિશેષ છે.
કાવ્યકથાના આરંભે નરસિંહ મહેતાનું પૂર્વજીવન – ગૃહત્યાગ, શિવસાધના, અને શિવની કૃપાએ કૃષ્ણ-રાસલીલા-દર્શન. ]

(રાગ કેદારો)

શ્રી ગુરુ, ગણપતિ, શારદા, સમરું સુખદાયી સર્વદા,
મનમુદા કહું મામેરું મહેતા તણું રે. ૧

**ઢાળ**

મામેરું મહેતા તણું પદબંધ કરવા આશ.
નરસિંહ મહેતો ભક્ત બ્રાહ્મણ, જૂનાગઢમાં વાસ. ૨

ભાભીએ વજ્રવચન કહ્યું, મહેતાને લાગી દાઝ;
પરિત્યાગ કીધો ઘર તણો, મહેતો ગયા તપ કાજ. ૩

એક દહેરું દીઠું વન વિષે : અપૂજ શિવનું લિંગ;
નરસિંહ મહેતે પૂજા કીધી, અંતર માંહીં ઉમંગ. ૪

અપવાસ સાત મહેતે કર્યા,  તવ રીઝ્યા શ્રી મહાદેવ;
કમલની પેરે લિંગ વિકાસ્યું, પ્રભુ પ્રગટ થયા તતખેવ. ૫

કર્પૂરગૌર સ્વરૂપ શોભા, ઉમિયા તે ડાબે પાસ;
જટા માંહે જાહ્નવી, નીલવટ ચંદ્રપ્રકાશ. ૬

છે રુંડમાલા,  સર્પ ભૂષણ,  વાઘાંબર,  ગજચર્મ;
વાજે ડાક ડમરુ શંખ શિંગી, મહેતે દીઠા પરિબ્રહ્મ. ૭

તવ નરસૈંયો જઈ પાયે લાગ્યો, મસ્તક મૂક્યો હાથ,
'કંઈ માગ્ય વર,  કૃપા કરું,'  એમ કહે ઉમિયાનાથ. ૮

મહેતો કહે, 'મહાદેવજી!  હું માગું છું,  સ્વામિન!
તમારું દર્શન પામિયો, (હવે) પામું વિષ્ણુનું દર્શન.' ૯

'ધન્ય ધન્ય સાધુ,' શિવ કહે, 'તુને મુક્તિની છે આશ;'
અખંડ વ્રજમાં ગયા તેડી જ્યહાં કૃષ્ણ રમે છે રાસ. ૧૦

**વલણ**

રાસમંડળ તણી રચના, લીલા શું વખાણે કવિ રે!
નરસૈયો કૃતાર્થ થયો, તેને કૃપા શ્રીશિવની હવી રે. ૧૧

## કડવું ૨

[ રાસલીલા જોયાનો નરસિંહનો ઉમંગ *વિરાજે જી..., વાજે જી...*
એમ -જી- વાળા રાગ-લયથી રજૂ થયો છે. દુ:ખવેળા સંભારજે...
એવું કૃષ્ણવચન હવે પછીની નરસિંહ-કથાનો જાણે પૂર્વ-સંકેત
કરે છે. ભક્તનું હવે ફરી ગૃહ-આગમન, અને ઘરસંસાર. ]

(રાગ ધન્યાશ્રી)

અદ્‌ભુત લીલા રાસ વિરાજે જી, ગોપિકા ગાયે, વાજાં વાજે જી;
દર્શન કીજે ભવદુખ ભાજે જી, મહાસુખ દીધું શિવ મહારાજે જી. ૧

**ઢાળ**

મહારાજ શ્રી મહાદેવજીએ ગ્રહ્યો મહેતાનો હાથ;
સદાશિવજીને દેખીને સામા આવ્યા વૈકુંઠનાથ. ૨

હરિ-હર હરખીને મળ્યા, નમી ગોપી શિવને પાય;
નરસૈંયો નમ્યો નાથને, તવ બોલ્યા ગોકુલરાય: ૩

'કહો, સદાશિવ! કોણ છે આ, તમો દેખાડો આ ઠામ?'
મહાદેવ કહે, 'એ દાસ તમારો, વિપ્ર નરસૈયો નામ. ૪

એ ભક્તિ ઇચ્છે, પ્રભુ! તમારી, કીર્તન કરે, ગુણ ગાય,
કરો કરુણા, કૃષ્ણજી!' તવ બોલ્યા વૈકુંઠરાય : ૫

'હાથ ગ્રહી તમો તેડી લાવ્યા, સદાશિવ ભગવાન!
એ નરસૈંયો મેં દાસ કીધો ઉદ્ધવ-વિદુર સમાન.' ૬

મસ્તક ઉપર હાથ મૂકી કહે શ્રી ગોપાળ :
'દુખવેળા સંભારજે, હું ધાઈ આવીશ તત્કાળ. ૭

કીર્તન કરજે ભક્તિ માહરી, તરીશ તું સંસાર,
આ જોઈ તેવી લીલા ગાજે કેવલ રસ-શૃંગાર.' ૮

રાસમંડળ તણી રચના દેખાડી તેણી વાર;
નરસિંહ મહેતા પ્રત્યે બોલ્યા સ્વામી શ્રી ત્રિપુરાર : ૯

'રખે લોકાચારનો ભય ગણતો મસ્તક સાટે મુક્તિ;
કૃષ્ણગોપીનો વિહાર ગાજે, જોઈ જેહવી જુક્તિ.' ૧૦

અંતર્ધાન પામ્યા એહવું કહી ભોળા શંકરરાય;
મુહૂર્તમાત્રમાં મહેતો મૂક્યા જૂનાગઢ તે માંહ્ય. ૧૧

થઈ નરસૈંયાની નિર્મલ વાણી, કવિશક્તિ ભક્તિ અપાર;
રાધાકૃષ્ણ-શું રંગ લાગ્યો, તૃણવત્ ગણે સંસાર. ૧૨

તાલ વાતા, ગીત ગાતા, પધાર્યાં પુર માંહ્ય;
નરસિંહ મહેતો જઈ નમ્યા નિજ ભાભી કેરે પાય : ૧૩

'તું ગોરાણી મેં પ્રમાણી, જે કહ્યું વજ્રવચન,
શ્રીહરિ-હર મુજને મળ્યા તે, ભાભી! તમારું પુણ્ય. ૧૪

**વલણ**

પુણ્ય તમારું, માતા માહરી! જે મળ્યા શ્રીપરિબ્રહ્મ રે'
છે સાધ્વી સ્રી મહેતા તણી, મહેતે માંડ્યો ગૃહસ્થાશ્રમ રે. ૧૫

## કડવું ૩

[ બે નાનાં કડવાં(કથા-પ્રકરણો)ની ભૂમિકા પછી કથા વેગ પકડે છે : પત્ની અને પુત્રનાં મૃત્યુ નરસિંહને વધુ ભક્તિ-અંતર્મુખ કરે છે. પણ પુત્રી કુંવરબાઈનું મામેરું આવે છે ત્યારે એ શ્રદ્ધાથી બાહ્ય વ્યવહારનો પણ સ્વીકાર કરે છે.
પુત્રીની મૂંઝવણમાં, સાસરિયાંનાં આકરાં વચનમાં, વધામણીના પત્રમાં કવિની કથન-કળા કેવી પ્રત્યક્ષ થાય છે એ વાંચીએ..]

(રાગ વેરાડી)

મહેતે માંડ્યો ગૃહસ્થાશ્રમ, પતિવ્રતા છે નારી પર્મ,
શ્રીદામોદરની સેવા કરે, તિલક, મુદ્રા ને માળા ધરે. ૧

સાધુ વેરાગી વૈષ્ણવજંન, શંખ તાલ મૃદંગ અધ્યયંન;
ચોક માંહે તુલસીનું વંન, અહર્નિશ થાયે હરિકીર્તન. ૨

નહિ ખેતી, નહિ ઉદ્યમ-વેપાર, હરિભક્તિ માંહે તદાકાર;
જે આવે તે વૈષ્ણવ જમે, ગુણ ગાયે ને દહાડા નિર્ગમે. ૩

વિશ્વંભર પૂરું પાડે અન્ન, વિશ્વાસ ઘણો મહેતાને મંન.
બે સંતાન આપ્યાં શ્રીગોપાળ : એક બાળકી ને બીજો બાળ. ૪

શામળદાસ કુંવરનું નામ, પરણાવ્યો તે મોટે ઠામ;
કુંવરબાઈ નામે દીકરી, પરણાવી રૂડો વિવાહ કરી. ૫

પામ્યાં મરણ પત્ની ને પુત્ર, મહેતાનું ભાંગ્યું ઘરસૂત્ર;
પતિવ્રતા વહુ વિધવા થઈ, સુરસેના પુત્રી એકલી રહી. ૬

સ્રી-સુત મરતાં રોયાં લોક, મહેતાને મનમાં નહિ શોક :
'ભલું થયું ભાંગી જંજાળ, હવે ભજીશું શ્રીગોપાળ.' ૭

કુંવરબાઈ પછે મોટી થઈ, આણું આવ્યું ને સાસરે ગઈ;
સસરો શ્રીરંગ મહેતો નામ, મોટું ઘર, કહાવે ભાગ્યવાન. ૮

સાસરિયાંને ઘણું અભિમાન, ધન માટે કરે અતિ ગુમાન;
કુંવરબાઈને દુર્બળ ગણે, નણંદ-જેઠાણી વાંકું ભણે : ૯

'આવો, વૈષ્ણવની દીકરી! સાસરવેલ સહુ પાવન કરી.'
કરે ચેષ્ટા સાસુ ગર્વે ભરી, કુંવરબાઈ નવ બોલે ફરી. ૧૦

છે લઘુવય નાનો ભરથાર, તે પ્રીછે નહિ કાંઈ વિવેકવિચાર;
કુંવરબાઈને આવ્યું સીમંત, સાદર વાત ન પૂછે કંથ. ૧૧

રૂપ દેખીને વહુઅર તણું સાસરિયાં સહુ હરખે ઘણું,
'નરસિંહ મહેતો છે હરિનો દાસ, તો મોસાળાની શાની આશ? ૧૨

કુંવરવહુને હરખ ખરો,   મોસાળું કાંઈ ઘેરથી કરો;
દુર્બળની દીકરી રાંકડી, આચાર કરી બાંધો રાખડી.' ૧૩

ન કહાવ્યું પિયર, કોને નવ કહ્યું, પંચમાસી તો એળે ગયું;
સીમંતના રહ્યા થોડા દંન, કુંવરબાઈને ચિંતા મંન. ૧૪

ઓશિયાળી દીસે ઘામણી,   વહુઅર આવી સાસુ ભણી;
બોલી અબળા નામી શીશ : 'બાઈજી! રખે કરો મન રીસ. ૧૫

આપણો ગોર પંડ્યો ખોખલો, તેને જૂનાગઢ સુધી મોકલો;
મોકલો લખાવી કંકોતરી;'   ત્યાં સાસુ બોલી ગર્વે ભરી : ૧૬

'વહુઅર! તુંને શું ઘેલું લાગ્યું? મા મૂઈ ત્યારે મહિયર ભાંગ્યું;
જે તાલ વજાડી ગાતો ફરે, ઉદર નાચી-કૂદીને ભરે, ૧૭

દારિદ્ર ઘરમાં ફેરા ફરે, તે મોસાળું ક્યાંહાંથી કરે?
જે સગાંથી અર્થ નવ સરે, તેહને શું થાયે નોતરે? ૧૮

મહેતાને વહાલું હરિનું નામ,   જોવાને મળે આખું ગામ;
તમને પિતાને મળવાનું હેત, અમો ન્યાતમાં થઈએ ફજેત. ૧૯

સસરો તમારો લાજે, બાઈ! વણ-આવ્યે સરશે વેવાઈ.'
કુંવરબાઈ તવ આંસુ ભરી સાસુ પ્રત્યે બોલી ફરી : ૨૦

‘બાઈજી! બોલતાં શું ફગો? દુર્બળ તો યે પોતાનો સગો;
આંહાં આવી ઠાલો જાશે ફરી, એણે મસે મળીએ પિતા-દીકરી.’ ૨૧

તવ સાસુને મન કરુણા થઈ, જઈ સ્વામીને વાત જ કહી.
‘રહ્યા સીમંતના થોડા દંન, કુંવરવહુ દુખ પામે મંન. ૨૨

લખી મોકલો વેવાઈને પત્રઃ જેમતેમ કરીને આવજો અત્ર.’
શ્રીરંગ મહેતો પરમ દયાળ, કાગળ એક લખ્યો તત્કાળ : ૨૩

‘સ્વસ્તિ શ્રી જૂનાગઢ ગામ, જે હરિજન-વૈષ્ણવનો વિશ્રામ,
નાગરી નાત તણા શણગાર, સાધુશિરોમણિ પરમ ઉદાર, ૨૪

સર્વ ભક્તના એક વૈષ્ણવ મણિ, સદૈવ કૃપા હોય કેશવ તણી,
સર્વ ઉપમાયોગ્ય, કરુણાધામ, છે પાવન નરસિંહનું નામ, ૨૫

અહીંયાં સહુ છે કુશલીક્ષેમ, તમો પત્ર લખજો આણી પ્રેમ;
એક વધામણીનો સમાચાર, અમારા ભાગ્ય તણો નહિ પાર : ૨૬

કુંવરવહુને આવ્યું સીમંત, અમારી ઉપર ત્રૂઠ્યા ભગવંત;
મહા સુદ સપ્તમી રવિવાર, મુહૂર્ત અમે લીધું નિરધાર. ૨૭

તમો તે દહાડે નિશ્ચે આવજો, સગાં-મિત્ર સાથે લાવજો;
ન આણશો કાંઈ મનમાં આશંક, તમો આવ્યે પામ્યા લખટંક. ૨૮

ઊજળો સગો આવે બારણે,        સોનાનો મેરુ કીજે વારણે;
જો મહેતાજી નહીં આવો તમો, તો ખરેખરા દુભાઈશું અમો.        ૨૯

આપ્યું પત્ર ગોરના કર માંહ્ય, ખોખલો પંડ્યો કર્યો વિદાય;
કુંવરબાઈએ તેડ્યા ઋષિરાય, એકાંત બેસાડી લાગી પાય :        ૩૦

'ત્યાં બે દહાડા પરુણા રહેજો,  મહેતાને સમજાવી કહેજો :
કાંઈ મોસાળું સારું લાવજો, સંપત હોય તો આંહાં આવજો.        ૩૧

કાંઈ નામ  થાયે  પૃથ્વીતળે,   સાસરિયાંનું  મહેણું  ટળે;
જો અવસર આ સૂનો જશે, તો ભવનું મહેણું મુજને થશે.        ૩૨

બોલબાણે નણદી મારશે,   શત્રુનાં કારજ દિયર સારશે;
રખે કૌતક નાગરી નાતે થાય, છે તમારે માથે વૈકુંઠરાય.'        ૩૩

પંડ્યો ખોખલો કીધા વિદાય, શીઘ્ર આવ્યા જૂનાગઢ માંહ્ય.        ૩૪

**વલણ**

જૂનાગઢ માંહે ઋષિ આવ્યા, મહેતો લાગ્યા પાય રે.
સ્તુતિ-સ્તવન-પૂજા કરી પછે માંડી વાત સુખદાય રે.        ૩૫

## કડવું ૪

[પુત્રીને છે એવી મૂંઝવણ ભક્ત પિતાને નથી : ભગવાનને એ 'દુઃખવેળા સંભારજે...'એ વચન યાદ કરાવીને કહે છે – *'ત્રિકમજી ત્રેવડમાં રહેજો...'* કવિની શબ્દશક્તિ જુઓ : જે ત્રિ-વિક્રમ હોય એણે જ વળી ત્રેવડમાં રહેવાનું – જવાબદારી એની જ! મામેરું કરવા જતા નરસિંહ-વાળો પ્રસંગ કવિકૌશલથી તાદૃશ થયો છે! ઉપહાસને ન ગણકારતી પ્રબળ શ્રદ્ધાનો એ વૈભવછે]

(રાગ ધન્યાશ્રી)

ખોખલે પંડ્યે પત્ર જ આપ્યું મહેતાજીને હાથ જી;
વધામણી કાગળમાં વાંચી સમર્યા વૈકુંઠનાથ જી: ૧

'મામેરું પુત્રીને કરવું, ઘરમાં નથી એક દામ જી;
ત્રિકમજી! ત્રેવડમાં રહેજો, દ્રવ્ય તણું છે કામ જી.' ૨

ભોજન કરાવી દક્ષિણા આપી, મહેતો લાગ્યા પાય જી:
'મોસાળું લેઈ અમો આવશું', પંડ્યો કીધા વિદાય જી. ૩

નરસિંહ મહેતે ઘેર તેડાવ્યા સઘળા વૈષ્ણવ સંત જી :
'મોસાળું લેઈ આપણે જાવું, કુંવરબાઈનું છે સીમંત જી.' ૪

જૂની વહેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોટાએ ભાંગી જી;
કોના તળાવા ને કોની પીંજણી, બળદ આણ્યા બે માંગી જી. ૫

મહેતોજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રીજગદીશ જી;
ત્રણ સખી સંગાથે લીધી, વેરાગી દસવીસ જી. ૬

દાબડી ત્રાંબાની સાથે લીધી, તેમાં બાલમુકુંદ જી;
કંઠે હાર કરીને બાંધ્યા દામોદર નંદાનંદ જી. ૭

વહેલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહે ભર્યાં વાજિંત્ર જી;
ગાંઠડી એક ગોપીચંદનની, છે તુલસીકાષ્ઠ પવિત્ર જી. ૮

મોસાળાની સામગ્રીમાં તિલક, તુલસી ને માળ જી;
નરસૈંયો છે નિર્ભય મનમાં, ભોગવશે ગોપાળ જી. ૯

બળહીણા બળદો શું હીંડે? ઠેલે વૈષ્ણવ સાથ જી;
શોર પાડે ને ઢાળ ચઢાવે : જય જય વૈકુંઠનાથ જી. ૧૦

એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી;
પડ્યાને પૂંછ ગ્રહી ઉઠાડે, કૌતુક કૌટિક થાય જી. ૧૧

સાલે સાલ જૂજવાં દીસે રથ તણાં જે વક્ર જી;
સાંગીના બહુ શબ્દ ઊઠે, ચીંચૂએ બહુ ચક્ર જી. ૧૨

ચઢે, ઊતરે ને વળી બેસે, લે રામકૃષ્ણનું નામ જી;
મધ્યાહ્નને મહેતોજી પહોંત્યા, જોવા મળ્યું સહુ ગામ જી. ૧૩

શું જાણે વૈષ્ણવનો મારગ વિષયી પુરના લોક જી?
કોડ પહોંત્યા કુંવરવહુના, મામેરું છે રોક જી. ૧૪

વલણ

રોક મામેરું મહેતોજી લાવ્યા, જુઓ વૈષ્ણવની વિસાત રે;
એકેકી માળા આપશે, ત્યારે પહેરશે નાગરી નાત રે.' ૧૫

## કડવું ૫

[નાગરોની જીભની કડવાશ, ને પરિવારનો અપમાન ભરેલો અવિવેક કવિએ તીવ્ર રીતે ઉપસાવ્યાં છે; કુંવરબાઈના ધૂંધવાટમાં એની વેદના ઉપસાવી છે, પણ મહેતાજી કેવા સ્વસ્થ છે ! કહે છે : *પહેરામણી કરવી જેટલી, આસામી લખાવો એટલી...*]

(રાગ વેરાડી)
સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટ્યા બેઉ વેવાઈ;
મળ્યો જમાઈ, જમાઈનો ભ્રાત, મળ્યો સર્વ નાગરનો સાથ. ૧

કપટે ભેટી આઘા ખસે, સામગ્રી જોઈજોઈને હસે.
ઊતરવા ઘર આપ્યું એક, મચ્છર-જૂઆ માંહે અનેક. ૨

વેવાઈ ગયા ઉતારો કરી, છે હસણી નાત ઘણી નાગરી:
'છે કુંવરબાઈનો વૈષ્ણવ બાપ, દર્શન કરીને ખોઈએ પાપ.' ૩

મહેતાને જોવા હરખે ભરી ઘેરઘેરથી ચાલી સુંદરી;
મન વિના મહેતાને નમે, ‘સારું થયું જે આવ્યા તમે.’ ૪

માંહોમાંહે કહે નાગરી : ‘મહેતો દીઠે દીઠા હરિ;
સાથ એહનો કેવો છે ફૂટડો! બાઈ, પરમેશ્વર એને ત્રૂઠડો! ૫

કુંવરબાઈનું ભાંગ્યું દુઃખ,’ એમ કહીને મરડે મુખ.
‘આ બળદ જુઓ મહેતા તણા, બગાઈ શબ્દ કરે છે ઘણા. ૬

વજાડશે મંડપમાં ચંગ, નાગરી નાતમાં રહેશે રંગ;
ઓ ગાંઠડી વળગણીએ લટકે, જોડી તાલની બાંધી પટકે, ૭

જુઓ તુલસીકાષ્ઠનો ભારો, – મોસાળામાં શો છે ઉધારો?
આ શંખ મહેતોજી ફૂંકશે, છાબમાં તુલસીપત્ર મૂકશે, ૮

વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પૂરું થાશે!’
એમ નાગરી કૌતુક કરે, ઠીઠોલી કરીને પાછી ફરે. ૯

કુંવરબાઈએ તે જાણી વાત : મોસાળું લઈ આવ્યા તાત;
ઉતાવળી મળવાને ધસી, તવ નણદી બોલી મર્મે હસી : ૧૦

‘આ શું પિતાપુત્રીનું હેત! સગાંને આવ્યો કરવા ફજેત;
લજાવ્યું સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું છે કામ? ૧૧

શું મળવા ચાલ્યાં એકલાં? એવા બાપથી નબાપાં ભલાં.'
કઠણ વચન એવાં સાંભળી, કુંવરબાઈ તવ પાછી વળી : ૧૨

'નણદી! મચ્છર શો આવડો? પૂંઠેથી, બાઈ! શું બડબડો?
સુખી પિતા હશે જે તણો, તેની દીકરીને લાભ જ ઘણો. ૧૩

કોનો પિતા લખેશરી કહાવે, તે માહારે કામ શું આવે?
રંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર. ૧૪

તમો મન માને તે કહો, એવો પિતા મારો જીવતો રહો.'
મર્મવચન નણદીને કહી મહેતા પાસે પુત્રી ગઈ. ૧૫

દૂર થકી દીઠી દીકરી, મહેતે સમર્યા શ્રી નરહરિ;
અન્યોઅન્ય નયણાં ભરી, ભેટ્યાં બેઉ આદર કરી. ૧૬

મસ્તક ઉપર મૂક્યો હાથ, પાસે બેસાડીને પૂછી વાત :
'કહો, કુંવરબાઈ! કુશલીક્ષેમ? સાસરિયાં રાખે છે ને પ્રેમ? ૧૭

જો રૂડો દિવસ આવ્યો, દીકરી! તો મોસાળું કરશે શ્રીહરિ.'
કુંવરબાઈ બોલ્યાં વીનતી : 'સામગ્રી કાંઈ પાસે નથી; ૧૮

કેમ નાગરી નાતમાં રહેશે લાજ? ધન વિના આવ્યા શેં કાજ?
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર. ૧૯

નિર્ધનનું કહ્યું કો નવ કરે,   નિર્ધનનું સહુ કૌતુક કરે;
નિર્ધનને સહુ ઘેલો ગણે, કો નવ રાખે ઊભો આંગણે. ૨૦

લોકો બોલાવે દુર્બળ કહી,  એથી માઠું કાંઈ બીજું નહીં;
પિતાજી! કાંઈ ન કરો ઉદ્યમ, તો આ અવસર સચવાશે ક્યમ? ૨૧

નથી લાવ્યા તમે નાડાછડી,   નથી મોડ ને કુંકુમની પડી,
નથી માટલી, ચોળી, ઘાટ, – એમ દરિદ્ર આવ્યું શા માટ? ૨૨

કેમ કરી લજ્જા રહેશે, તાત? હું શેં ન મૂઈ મરતે માત?
માતા વિના સૂનો સંસાર,     નમાયાંનો શો અવતાર? ૨૩

જે બાળકની માતા ગઈ મરી, બાપ-સગાઈ સાથે ઊતરી;
જેમ આથમતા રવિનું તેજ,   મા વિના તેવું પિતાનું હેજ. ૨૪

સુરભિ મરતાં જેવું વચ્છ, જળ વિના જેમ તરફડે મચ્છ,
ટોળા-વછોહી જેમ મૃગલી, મા વિના તેમ પુત્રી એકલી. ૨૫

લવણ વિના જેમ ફીકું અન્ન, ભાવ વિના જેહેવું ભોજંન,
કીકી વિના જેહેવું લોચંન,    મા વિના તાતનું તેવું મંન. ૨૬

શું કરવા આવ્યા ઉપહાસ? સાથે વેરાગી લાવ્યા પચાસ;
શંખ, તાળ, માળા ને ચંગ : એ મોસાળું કરવાના ઢંગ? ૨૭

ન હોય તો પિતાજી! જાઓ ફરી,' એવું કહીને રોઈ દીકરી.
મહેતે મસ્તક મૂક્યો હાથ : 'મોસાળું કરશે વૈકુંઠનાથ. ૨૮

પહેરામણી કરવી જેટલી, આસામી લખી લાવો તેટલી;
લખજો સાસરિયાં સમસ્ત, વીસરજો મા એકે વસ્ત.' ૨૯

વચન મહેતાજીનાં સુણી, કુંવરબાઈ ગઈ સાસુ ભણી :
'માહરે પિતાએ મોકલી હુંય, લખજો કાગળમાં જોઈએ શુંય.' ૩૦

તવ મુખ મરડીને બોલ્યાં સાસુ : 'શો કાગળ ચીતરવો ફાંસુ?
છાબમાં તુલસીદલ મૂકશે, ઊભો રહીને શંખ ફૂંકશે! ૩૧

**વલણ**

ફૂંકશે શંખ ઊભો રહી, એ મોસાળું શું કરે?'
વચન વહુઅરનાં સાંભળી, વળતી વડસાસુ ઊચરે : ૩૨

## કડવું ૬

[ વડસાસુ ઘણી મુત્સદ્દી ને કુટિલ છે, –'ઘણું ભારે માણસ' છે, અને એટલે એ દાઢમાં દબાવેલાં મર્મવચન બોલે છે. એનો એકેએક વાંકો ઉદ્‌ગાર અને અતિરેક કરતી યાદી મોટેથી વાંચવા જેવાં છે – એથી 'વહુજી'ના વિવિધ લહેકા પણ માણી શકાશે.]

(રાગ મારુ)
વડસાસુ ઘણું ભારે માણસ, બોલ્યાં મર્મવચન : 'વહુજી!
વડી વહુઅર! તમો કાંઈ ન પ્રીછો, મહેતો વૈષ્ણવજંન, વહુજી! ૧

જેહને સ્નેહ શામળિયા સાથે તેહને શાની ખોટ, વહુજી?
પહેરામણી મનગમતી માગો, કરો નાગરી ગોઠ, વહુજી! ૨

કુંવરવહુને કાગળ આપો, લખો લખાવું જેમ, વહુજી!
રૂડો વહેવાઈ આંગણે આવ્યો, તો કોડ ન પહોંચે કેમ, વહુજી? ૩

લખો, પાંચ શેર કંકુ જોઈએ, શ્રીફળ જોઇએ સેં સાત, વહુજી!
વીસ મણ વાંકળિયાં ફોફળ, મળશે મોટી નાત, વહુજી! ૪

પાંચ જાતના પંચવીસ વાઘા, ચાર ચોકડી તાસ, વહુજી!
લખો પછેડી પંદર કોડી, પટોળાં પચાસ, વહુજી! ૫

સાઠ મુગટ ને સોએક શણિયાં, પામરીઓ ચાળીસ, વહુજી!
ધોતિયાં બ્રાહ્મણને જોઈએ, લખો કોડી ત્રીસ, વહુજી! ૬

બે કોડી જરકશી સાડી, રેશમી કોડી બાર, વહુજી!
સુતરાઉ સાડી લખો ત્રણસેં, છાયલ લખો સેં ચાર, વહુજી! ૭

ઘરસાડી લખો દસ-વીસેક, સો ળ ચોકડી ઘાટ, વહુજી!
છીંટ મોરવી ટૂંકડી સોએક, લખો નવ કોડી નાટ વહુજી! ૮

મશરૂ ગજિયાણી દરિયાઈ, લખો થાન પચાસ, વહુજી!
હજાર-બારસેં લખો કપડાં, લોક કરે બહુ આશ, વહુજી! ૯

સો-બસો લખો શેલાં-સાળુ, તેલ-પાનનો શો આંક, વહુજી?
એ આશરા પડતું અમે લખાવ્યું, બાપ તમારો રાંક, વહુજી! ૧૦

તમને સોળ શણગાર કરાવે, બાપ લડાવે લાડ, વહુજી!
ઘટે જમાઈને સોનાની સાંકળી, તેમાં અમને શો પાડ, વહુજી! ૧૧

સહસ્ર મહોર સોનાની રોકડી, કહેતાં પામું ક્ષોભ વહુજી!
અમો ઘરડાં માટે ધર્મે લખાવ્યું, ન ઘટે ઝાઝો લોભ, વહુજી! ૧૨

એ લખ્યાથી જો અધિક કરો તો તમારા ઘરની લાજ, વહુજી!'
તવ મુખ મરડીને નણદી બોલી : 'સિદ્ધ થયાં સર્વ કાજ, વહુજી! ૧૩

ભારે મોટા બે લખો પહાણિયા જે મહેતાથી અપાય, વહુજી!
ડોશી કહે : 'શું શોર કરો છો? કાગળ લખતાં શું જાય, વહુજી? ૧૪

વલણ

શું જાયે લખતાં આપણું?' બોલ્યાં વડસાસુ વિકરાળ રેઃ
કાગળ વાંચી કુંવરબાઈને પડી પેટમાં ફાળ રે. ૧૫

## કડવું ૭

[ ઉપર 'વિકરાળ' અને 'ફાળ'નો પ્રાસ જોયો ને? હવે, ડઘાઈ ગયેલી કુંવરબાઈની હતાશા એનામાં '... મારે સીમંત શાને આવ્યું રે' એવી વેદના પ્રગટાવે છે, પણ પછી પિતાની શ્રદ્ધા એનામાં વિશ્વાસ જગાડે છે. નરસિંહ તો કહે છે : ' ...એ કરશે પ્રતિપાલ રે...' આ પ્રભુશ્રદ્ધા જ 'ડોશીએ ડાટ વાળ્યો રે'-નો જવાબ છે.]

(રાગ સારંગ)

'ડાટ વાળ્યો રે, ડોશીએ ડાટ વાળ્યો રે;
વડસાસુ વેરણ થઈ, મારો હરખ હૈયાનો ટાળ્યો રે. ડોશીએ૦ ૧

મીઠાંવચની ને થોડાબોલી, હીંડે હરિગુણ ગાતી રે;
પરમારથ થઈને પત્ર લખાવ્યું, મનમાં મોટી કાતી રે.' ડોશીએ૦ ૨

કાગળ લેઈ કુંવરબાઈ આવ્યાં પિતાજીની પાસે રે;
'વડસાસુએ વિપરીત લખાવ્યું, પિતાજી! શું થાશે રે? ડોશીએ૦ ૩

લખશરીથી નવ પડે પૂરું એવું તો એણે લખાવ્યું રે;
સાધુ પિતાને દુખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે? ડોશીએ૦ ૪

સહસ્ર મહોર સોનાની લખાવી, વસ્ર તણું નહિ લેખું રે;
તાતજી! હું તમારી પાસે કોડી એક ન દેખું રે. ડોશીએ૦ ૫

પિતાજી! તમો ગામ પધારો, આંહી રહે ઇજ્જત જાશે રે.'
મહેતોજી કહે : 'પુત્રી મારી! રહેજો તમો વિશ્વાસે રે. ડોશીએ૦ ૬

શામળિયો નહિ અવસર ભૂલે, તું કાં આંસુ પાડે રે?
દામોદરજી નથી દોહિલો, નહીં કારજ કાઢે રે? ડોશીએ૦ ૭

કુંવરી મારી! ઘેર પધારો, એમાં આપણું શું જાશે રે?
જો મોસાળું હરિ નહીં કરે, તો ઉપહાસ એહનો થાશે રે. ડોશીએ૦ ૮

પાંચાલીને પટકૂળ પૂર્યાં નવસેં ને નવ્વાણું રે;
એ રીતે મોસાળું કરશે, થાવા દે ને વહાણું રે. ડોશીએ૦ ૯

વિશ્વાસ રુદિયામાં રાખો, છો વૈષ્ણવનાં બાળ રે;
આપણું તે પ્રતિપાલન કરશે તાત ત્રિભુવનપાળ રે.' ડોશીએ૦ ૧૦

હૈડે હેત દીકરીને આવ્યું સુણી તાતની વાણી રે;
કુંવરબાઈ ફરી મંદિર આવ્યાં વિશ્વાસ ઉરમાં આણી રે. ડોશીએ૦ ૧૧

## કડવું ૮

[ નાગરો દ્વારા થતી વૈષ્ણવ ભક્તની મજાક(ચેષ્ટા)ને વળ ચડાવીને ખરેખર તો કવિએ મહેતાની વિનયશીલતાનું ગૌરવ કર્યું છે.]

(રાગ ગોડી)
કૌતુક આ કળજુગનાં, વૈષ્ણવની ચેષ્ટા થાય રે;
વાંકાબોલી નાત નાગરી, સહેજે બોલે અન્યાય રે. કૌતુક૦ ૧

ભોજન કરવા મહેતાજી તેડ્યા, સાથે બહુ વેરાગી રે;
ટોળે મળી નાગરની નારી, જોઈજોઈ હસવા લાગી રે. કૌતુક૦ ૨

ધર્યાં તિલક, તુલસીની માળા, છાપાં અંગ વિરાજે રે;
'વેવાઈનું રૂપ જુઓ, રે બાઈ! કંદર્પ સરીખો લાજે રે. કૌતુક૦ ૩

મલ્હાર ગાશે નહાતી વેળા, વરસશે વરસાત રે;
પ્રસાદ કરતાં થાળ ગાશે, જમશે જાદવનાથ રે. કૌતુક૦ ૪

સ્નાન કરી નાગર સહુ બેઠા, જેને જેશું મળતું રે;
મહેતાજીને નાહવા કારણ જળ મેલ્યું કળકળતું રે. કૌતુક૦ ૫

જેમ તેલ-કઢા તાતી ઉકાળી સુધન્વાને તળવા રે,
તેવું જળ વેવાણે મૂક્યું મહેતાજીને છળવા રે. કૌતુક૦ ૬

ઉષ્ણોદક દેખી મહેતાએ માગ્યું ટાઢું પાણી રે;
મર્મવચન મુખ મરડી બોલી કુંવરબાઈની જેઠાણી રેઃ કૌતુક૦ ૭

'જો માગ્યા મેહ વરસે, મહેતાજી! તો અમ પાસે શું માગો રે?'
બાજઠે બેઠાં તાળ મગાવી, બોલ હૃદેમાં વાગ્યો રે. કૌતુક૦ ૮

સ્મરણ માંડ્યું શામળિયાનું, આલાપ્યો રાગ મલ્હાર રે;
નાગરલોક સહુ જોવા મળિયા, બોલે વ્યંગ વિચાર રે. કૌતુક૦ ૯

## કડવું ૯

[ શ્રદ્ધાપૂર્વક (મેઘ)મલ્હાર ગાવાથી વૃષ્ટિ થઈ – એટલું સાદું વર્ણન કરીને કુશળ કથાકાર અટક્યા નથી. ઉપહાસ કરનારનો ઉપહાસ 'વેવાઈના ઘરમાં જલ ધસ્યું' અને વેવાણો માગે માન રે... – એ પંક્તિઓમાં પ્રગટ કર્યો છે ને વળી નિષ્ઠુરતાને વળ ચડાવ્યો છે : ઠગ નાગર કહે, 'થયું માવઠું...!

'શ્રીફળ ફાટી જાય...-એ અતિશયોક્તિ પણ માણવા જેવી છે.]

(રાગ મલ્હાર)

મહેતો બેઠા બાજઠે, સમર્યા શ્રીગોપાળ રે,
મલ્હાર ગાયો નેહ-શું, મહેતે વજાડી તાળ રે : ૧

'ઉપહાસ થાય છે દાસનો, શામળિયા! કરજો સહાય રે;
ઉષ્ણોદક ઘણું ઊકળ્યું, નાખ્યું શ્રીફળ ફાટી જાય રે. ૨

કઢા ઉકાળી તેલની, કોપ્યો હંસધ્વજ રાય રે;
તમ કૃપાએ તેલ ટાઢું થયું, કરવા સુધન્વાની સહાય રે. ૩

તેં હૂંડી સ્વીકારી, શામળા! આપ્યા રૂપૈયા સેં સાત રે;
તે વિશ્વાસે વળગી રહ્યો, વિઠ્ઠલ! મોકલજો વરસાત રે. ૪

સમોવણ નહિ આપો, શામળા! તો મોસાળું કરશો ક્યંમ રે?'
એહવું સ્તવન મહેતાનું સાંભળી ઘન પ્રેર્યો શ્રી પરિબ્રહ્મ રે. ૫

પળમાત્રમાં અભ્રઘટા થઈ, ચોદિશ વ્યાપ્યો અંધકાર રે;
ગગન વિષે ઘન ગડગડે, થાય વીજળીના ચમકાર રે. ૬

ઊડે કોરણ ને કાંકરા, મેહ વરસે મૂશળધાર રે;
વેવાઈના ઘરમાં જળ ધસ્યું, સહુ નાસે, કરે પોકાર રે. ૭

સરવ નાગરીઓ પાયે પડે : 'ક્ષમા કરો અપરાધ રે;
અમો અજ્ઞાને ઓળખ્યા નહિ, તમો સર્વશિરોમણિ સાધ રે.' ૮

શ્રીરંગ મહેતો સ્તુતિ કરે,  વેવાણ માગે  માન રે;
તવ વરસાત વિસર્જન થયો, મહેતે કીધું સ્નાન રે. ૯

ઠગ નાગર કહે : 'થયું માવઠું, એમ વરસે છે કંઈ  વાર રે;'
પ્રત્યક્ષ દીઠું, પ્રતીત ના આવી,  એ કળિયુગનો આચાર રે. ૧૦

મહેતાજી ભોજન કરવા બેઠા, કરમાં લીધી તાળ રે;
પૂંઠે ટોળું વૈષ્ણવ વેરાગી તણું, ગાયે થાળ રસાળ રે; ૧૧

## કડવું ૧૦

[મહેતા તો કીર્તનરત જ રહ્યા. 'વીતી રજની...થયો પ્રાતઃકાળ'- એમાં  હવે સુખદ થનારી સ્થિતિનો ધ્વનિ-અર્થ પણ છે. દીકરી વારંવાર હતોત્સાહ થાય છે, પણ પિતા દૃઢ છે : 'તારે મારે ચિંતા શાની? મોસાળું કરશે શ્રીહરિ.'
ચૉકમાં મૂકેલી ઠાલી છાબ – એ કેટલું સૂચક દૃશ્ય છે! ]

(રાગ સામેરી)
મહેતે ગાઈ પ્રસાદની થાળી, આરોગાવ્યા શ્રી વનમાળી;
હરિપ્રસાદ  લીધો  પ્રીતે,  પછે  શું  થયું  રજની વીત્યે? ૧

**ઢાળ**

વીતી  રજની  કીર્તન  કરતાં,  હવો પ્રાતઃકાળ રે;
કુંવરબાઈ કહે તાતને : 'કરો મોસાળાની ચાલ રે.' ૨

મહેતોજી કહે : 'પુત્રી મારી! જઈ સહુ સગાંને તેડાં કરો;
વિશ્વાસ આણી મંડપ મધ્યે એક છાબ ઠાલી જઈ ધરો. ૩

સર્વ નાત નાગર તણી, પધરાવો સર્વ કુટુંબ રે;
છે વાર નાત મળે એટલી, નથી મોસાળાનો વિલંબ રે.' ૪

કુંવરબાઈ કહેઃ 'તાતજી! મુને કેમ આવે વિશ્વાસ રે?
ઠાલી છાબ હું ક્યમ ધરું? થાયે લોકમાં ઉપહાસ રે.' ૫

મહેતોજી કહેઃ 'પુત્રી મારી! છો વૈષ્ણવની દીકરી રે;
તારે-મારે ચિંતા શાની? મોસાળું કરશે શ્રી હરિ રે.' ૬

પ્રેમવચન સુણી તાતનું સાસુ કને આવ્યાં વહુ રેઃ
'મારો પિતાજી મોસાળું કરે, બાઈ! સગાં તેડાવો સહુ રે.' ૭

પંડ્યે ખોખલે તેડાં કીધાં, મળ્યું આખું ગામ રે;
વિચાર વેવાઈ-વર્ગે માંડ્યો : 'જાશે મહેતો મૂકી મામ રે.' ૮

મંડપ મધ્યે મહેતોજી આવ્યા, હાથમાં ગ્રહી છે તાળ રે;
નાગર સહુ બેઠા થઈ બોલેઃ 'મહેતાજી! જે ગોપાળ રે.' ૯

વલણ

મગાવી એક છાબ ઠાલી, મંડપ માંહે આણી ધરી;
મહેતાજીએ શંખ પૂર્યો, વીનતી શ્રીહરિની કરી. ૧૦

## કડવું ૧૧

[ ઠઠ્ઠો કરવા અને કુતૂહલથી આવેલી નાગર સ્ત્રીઓના સૌંદર્ય-
શણગારનું સ્વભાવોક્તિ વર્ણન કરવાની તક પણ કવિ લે છે! ]

(રાગ મારુ)

મહેતે વજાડ્યો શંખ, સમર્યા વનમાળી;
લાગી હસવા ચારે વર્ણ, માંહોમાંહે દે તાળીઃ ૧

'મોસાળાના ઢંગ વેવાઈએ માંડ્યા,
નાગરના વહેવાર સહુ એણે છાંડ્યા. ૨

જુઓ છાપાં, તિલક ને તાળ, જુઓ તુલસીમાળા,
નરસૈંયો કરશે નૃત્ય, ગાશે ટોપીવાળા.' ૩

જોવા મળી નાગરી નાત, બહુ ટોળેટોળાં,
મુખ મરડી કહે છે વાત : 'આપશે ઘરચોળાં.' ૪

બહુ નાની-મોટી નાર મંડપ માંહે મળી,
કરે વાંકી છાની વાત, સાકર-પેં ગળી. ૫

મહેતાને કહે : 'જે શ્રીકૃષ્ણ,' હસીને પરું જોતી,
સોહે અધર ઉપર અનંત વેસરનાં મોતી. ૬

સજ્યા સોળ શણગાર, ચીર, ચરણાં, ચોળી,
જોબન-મદમાતી નાર  કરે બહુ ઠીંઠોળી. ૭

માળા, મોતી-હાર ઉર પર ઢળકે છે,
જડાવ ચૂડો હાથ,  કંકણ ખળકે છે. ૮

કોઈ છૂટે અંબોડે નાર,  વેણી લાંબી છે,
કો’ને ઝાંઝર ઝમકે પાય, કડલાં કાંબી છે. ૯

નાનાં તિલક રસાળ ભાલે કીધાં છે,
રમાડવા સરખાં બાળ કેડે લીધાં છે. ૧૦

કો જોવા ઠાલી છાબ અબળા ઊઠે છે,
કો વહુઆરુ લજ્જાળ,  નણદી-પૂંઠે છે. ૧૧

કો’ શીખવી બોલાવે બાળ, વારી રાખે છે;
કો’ વાંકાબોલી નાર,  વાંકું ભાખે છે : ૧૨

‘બાઈ, કુંવરવહુનો બાપ  કરશે મામેરું;
લેઈશ પટોળું શ્રીકાર, સાડી નહિ પહેરું. ૧૩

વૈષ્ણવને શાની ખોટ? કંઠે માળા છે,
વહેવારિયા દસવીસ  ટોપીવાળા છે! ૧૪

કુંવરવહુને  ધન્ય,  પિયરપનોતી છે!
બાપ વજાડે શંખ, સાધર પહોતી છે!' ૧૫

કોઈ  વાંકાબોલા વિપ્ર  બોલે ઉપહાસે :
'મૂકો છાબમાંહે બે પહાણ, વાયે ઊડી જાશે.' ૧૬

મૂક્યો દીકરીએ નિઃશ્વાસ, આવી પિતા પાસે;
મહેતે  કીધી  સાન  'રહેજે વિશ્વાસે. ૧૭

**વલણ**

વિશ્વાસ રાખો, દીકરી!' કહી કરમાં લીધી તાળ રે;
કાગળ મૂક્યો છાબમાં, મહેતે સમર્યા શ્રીગોપાળ રે. ૧૮

## કડવું ૧૨

[ નરસિંહના હરિ-કીર્તનમાં, ખરે ટાણે ભક્તની સહાયમાં આવેલા ભગવાન-વિશેના પૌરાણિક કથાસંદર્ભો ગૂંથીને કવિએ ભક્તિનો શાન્ત રસ પણ નિરૂપ્યો છે. કૃષ્ણને નરસિંહે આપેલો પડકાર પણ વાંચો : 'જો નહીં આવો સુંદરશ્યામ, તો નાગર સાથે છે કામ!]

(રાગ વેરાડી)

ઠાલી છાબમાં કાગળ ધરી નરસિંહ મહેતે સમર્યા હરિ;
વેરાગી સહુ  પૂંઠે ગાય,  નાગરને  મન  કૌતુક થાય. ૧

વાંકાં વચન  વદે વેદિયા,  મહેતો  માધવમાં  ભેદિયા;
'જુઓ, છાબમાં, મૂકે શોર, ઓ નીસરી કમખાની કોર,' ૨

તે બોલ અંતરમાં નવ ધરે, મહેતો સ્તુતિ માધવની કરે :
‘જય દામોદર, બાલમુકુંદ, નરકનિવારણ, પરમાનંદ, ૩

વ્રજેશ્વર, વૃંદાવનચંદ, દેવકીનંદન, આનંદકંદ,
ગોપીનાથ, ગોવિંદ, ગોપાળ, અનાથબંધુ, દીનદયાળ, ૪

સેવકની લેજો સંભાળ, મોસાળું કરજો તત્કાળ.’
વદને કીર્તન, હાથે તાળ, નાત નાગરી બોલે આળ. ૫

‘ઘણો દોહિલો લોકાચાર, લજ્જા રાખજો આણી વાર.
શું કરશે આ પતિત સંસાર, જો મુજને તારો આધાર? ૬

તમો પ્રતિપાળો પોતાના દાસ, માટે મુજને છે વિશ્વાસ;
અંબરીષનો નિવાર્યો ત્રાસ, તમે ભોગવ્યો છે ગર્ભવાસ. ૭

લીધો મચ્છ તણો અવતાર, શંખાસુર કીધો સંહાર;
કચ્છપરૂપ લીધું, મોરાર! રત્ન ચૌદ મથી કાઢ્યાં બહાર. ૮

હરિણ્યાક્ષ દૈત્યને નાખ્યો કાપી, ધરા ઠામ કરીને થાપી;
અજામેલ સરખો જે પાપી, પુત્ર-નામે સદ્‌ગતિ આપી. ૯

પ્રહ્‌લાદની દોહિલી જાણી વેળા, પરમેશ્વર! પ્રગટ થયા હેલા;
ધ્રુવનો જનમમરણ-ભય હર્યો, અવિચલ પોતા સરખો કર્યો. ૧૦

પોપટ પઢાવતી પુંશ્ચળી, વિમાને બેસી વૈકુંઠ પળી;
તમો ઉચ્છિષ્ટ આરોગ્યાં બદરી, તો પરમ ગતિ પામી શબરી. ૧૧

લગારેક ચરણે નમાવ્યું શીશ, તો વિભીષણ કીધો લંકાધીશ;
કુટુંબ સહિત તાર્યો તેં માછી, ન પામ્યો જનમપીડા પાછી. ૧૨

છો દોહિલી વેળાના સાથી, ગ્રાહથી મુકાવ્યો હાથી;
બટુકવેષ થયા વામન, જાતું રાખ્યું ઇન્દ્રાસન. ૧૩

પ્રભુ! પાંચાલીનું દુખ જાણ્યું, પૂર્યાં ચીર નવસેં નવ્વાણું;
કૌરવથી જિતાડ્યો પારથ, કુરુક્ષેત્રમાં હંકાર્યો રથ. ૧૪

રુક્મ઼ાંગદ તાર્યો સંસાર, હરિશ્ચંદ્રની કીધી વહાર;
શંખ પૂજતો રાજકુમાર ચંદ્રહાસને રાખ્યો ત્રણ વાર. ૧૫

તમે સુધન્વા બળતો રાખ્યો, જે પિતાએ પેણામાં નાખ્યો;
તન વહેરાતાં નવ રોયો રજ, તો મુક્તિ પમાડ્યો મોરધ્વજ. ૧૬

ખાંડવવનમાં ખગ લીધાં રાખી, તમો ગજઘંટા ઉપર ઢાંકી;
વિદુરની આરોગ્યા ભાજી, તેહની પ્રીત્યે તમો થયા રાજી. ૧૭

સુદામાના લેઈ તાંદુલ, આપી તેં નવનિધિ બહુમૂલ;
મદ મઘવાના મનનો હર્યો, લીલાએ ગોવર્ધન કર ધર્યો. ૧૮

દાવાનળ પીધો વન માંહ્ય, ઉગાર્યાં તમે ગોપી-ગાય;
કુબજાની તમે લીધી અર્ચા, લોક તણી સહી લીધ ચર્ચા. ૧૯

અનાથબંધુ, દીનદયાળ, સેવકની લીજે સંભાળ;
ડાહ્યા દામોદર, છો દક્ષ, હું સરખા સેવક છે લક્ષ; ૨૦

મારે એક તમારી પક્ષ, પરમેશ્વર! થાજો પ્રત્યક્ષ;
મારે મસ્તક દુખનાં વૃક્ષ, એ વાતે લાજે આપણી પક્ષ. ૨૧

ધનવંત છે નાગરી નાત, તેમાં દુર્બળ મારી જાત;
જો ભૂખે દમાયે તેત્રીસ ક્રોડ, તો કલ્પવૃક્ષને લાગે ખોડ. ૨૨

શોભા વૈષ્ણવની જો ગઈ, તો કળા તમારી ઝાંખી થઈ;
મુને સગાં થઈ લાગ્યાં જમ, તો તમને નિદ્રા આવે ક્યમ? ૨૩

સગાં સરવ બેસાડ્યાં આણી, પુત્રીના કર માંહે પિંગાણી;
છે કંકુવહોણી કંકાવટી, કુંવરબાઈને મનમાં થાયે ચટપટી. ૨૪

મધ્યાહ્નન ઉપર થઈ બે ઘટી, વહેલા આવો, વેળા વટી.
છે કુંવરબાઈ તાહરે આશરે, હું દુર્બળથી અર્થ નવ સરે. ૨૫

શું સૂતો વૃંદાવન માંહ્ય? ત્યાં શું રાધાજી ચાંપે પાય?
લલિતા, વિશાખા, ચંદ્રાવલી, એ નારી તુજને નૌતમ મલી! ૨૬

હોયે લંપટને વહાલી સુંદરી, તે માટે ભક્તને ગયો વીસરી.
જાગ, જાગ, રે જાદવપતિ! સાંભળ સેવકની વીનતી. ૨૭

કબીરને તમે કરુણા કરી, સમર્યે દર્શન દીધાં, હરિ!
ભક્ત એક નામદેવ દરજી, તેનું પય તમે પીધું, હરજી! ૨૮

ત્રિલોચનનું મહા દુખ હર્યું, સેવક થઈ તમો પાણી ભર્યું;
અભયદાન કોળીને દીધું, મીરાંબાઈનું વિષ જ પીધું. ૨૯

સેવક માટે નાપિક થયા, વપન કરવા, વિઠ્ઠલ! ગયા;
હું તુંને નવ સાંભરતો? લાવતો ઘાસ, મહિષી ચારતો. ૩૦

ન જાણતો ધોળા ઉપર કાળો, મુજને ભાભી કહેતી ગોવાળો;
સદાશિવે હુંને કીધો દાસ, દેખાડ્યો મુને અખંડ રાસ. ૩૧

જોયા તાહારા વિવિધ વિલાસ, તેહવો મેં કીધો અભ્યાસ;
લોક મુને બોલે ઉપહાસ, છે માહારે મન તાહરો વિશ્વાસ. ૩૨

જેને બોલાવીએ પોતાનો કહી, તેને ત્રિકમજી! તજીએ નહીં;
ખીચડો જમાડવા આવ્યા, નાથ! હું માટે કીધા પંચ હાથ. ૩૩

હું મધરાતે તરસ્યો જાણી, ઝારી લેઈ પાયું પાણી;
મુને સાચો કીધો કોઠીવાલ, હૂંડી સ્વીકારી, શ્રીગોપાલ! ૩૪

તે રીતે મોસાળું કરો, ઠાલી છાબ સોનૈયે ભરો;
જો નહિ આવો, સુંદરશ્યામ! તો નાગર સાથે છે કામ. ૩૫

વલણ

નાગર સાથે કામ છે, સમજી લેજો વાત રે;'
સુણી નરસૈંયાની વીનતી, ઊઠી ધાયા વૈકુંઠનાથ રે. ૩૬

## કડવું ૧૩

[કથા-કુશળ કવિ પ્રેમાનંદે કરેલું દશ્યપરિવર્તન જુઓ : વૈકુંઠનાથ હવે દામોદર શેઠ રૂપે – 'કાને કુંડળ હીરે જડિયાં રે, નેત્ર પ્રલંબ, શ્રવણે અડિયાં રે;' ત્યાં સુધી તો જાણે એ કૃષ્ણ જેવા લાગે છે પણ બીજી જ પંક્તિમાં 'એક લેખણ કાને ખોસી રે, ધર્યું નામ દામોદર દોશી રે.' એ રૂપપરિવર્તન કેવું આકર્ષક છે! અને લક્ષ્મીજી શેઠાણીરૂપે. જુઓ :'માયા મહેતી રૂપે આવે રે...' ચતુર નાગરાણી સંબંધ પૂછતાં જ છોભીલી પડી જાય છે – '...તમે નવ જાણિયાં રે, મહેતો બ્રાહ્મણ ને અમો વાણિયાં રે..']

(રાગ મારુ)

ભક્ત નરસૈયાનું દુખ જાણી રે, ઊઠી ધાયા પુરુષ પુરાણી રે;
થયા શેઠ તે સારંગપાણિ રે, સાથે લક્ષ્મીજી શેઠાણી રે. ૧

નંદ, સુનંદ, ગરુડ સાથે રે, વસ્રગાંઠડી તેહને માથે રે;
રથ ઉપર બેઠા શ્રી ગોપાળ રે, ધોરીને ઘમકે ઘૂઘરમાળ રે. ૨

લોકે ઓળખ્યા નહિ જગદીશ રે, સાથે વાણોતર છે દસવીસ રે;
સર્વે જોઈ જોઈ વિસ્મે થાય રે, પ્રભુ આવ્યા મંડપ માંહ્ય રે. ૩

છડીદારે વાટ મુકાવી રે, નાગરીનાત તે જોવાને આવી રે :
'આ વહેવારિયો કોણ આવ્યો રે? સાથે ગાંઠડી શાની લાવ્યો રે?' ૪

કો ન જાણે ત્રિભુવનભૂપ રે,વહાલે લીધું વણિકનું રૂપ રે;
રથ ઉપરથી ઊતરિયા રે, હરિ સભા માંહે સંચરિયા રે. ૫

ખટ દર્શને ખોળ્યો ન લાધે રે, જેને ઉમિયાપતિ આરાધે રે;
ન જડે ધ્યાને, દાને બહુ યાગે રે, તે હરિ હીંડે અણવાણે પાગે રે. ૬

જે ચૌદ લોકના મહારાજ રે, મહેતા માટે થયા બજાજ રે;
શોભે વાઘો કેસરી છાંટે રે, બાંધી પાઘડી અવળે આંટે રે. ૭

કાને કુંડળ હીરે જડિયાં રે, નેત્ર પ્રલંબ, શ્રવણે અડિયાં રે;
એક લેખણ કાને ખોસી રે, ધર્યું નામ દામોદર દોશી રે. ૮

ઝીણા જામા પટકા ભારે રે, હરિ હળવે હળવે પધારે રે;
ઝીણી પછેડી ઓઢી નાથે રે, બેઉ છેડા ઝાલ્યા છે હાથે રે. ૯

વીંટી-વેલિયાં કર-આંગળિયે રે, સાદાં મોજાં પહેર્યાં શામળિયે રે;
ઘણા વાણોતર છે સાથે રે, કોણે ઝોળો ગ્રહ્યો છે હાથે રે. ૧૦

ઘણા સેવક સેવામાં સજ રે, છે ઉદ્ધવના કરમાં ગજ રે;
પ્રભુ પૂંઠે કમળા રાણી રે, સભા મોહી જોઈ શેઠાણી રે. ૧૧

ઊતર્યાં નાગરીઓનાં અભિમાન રે, જાણે ઊગ્યા શશિયર ભાણ રે;
ભલું ભાલ, ભ્રમર રૂડી રાજે રે, રત્નજડિત રાખડી છાજે રે. ૧૨

વિશાળ લોચન, ચંચળ ચાલે રે, કે શું ખંજન પડિયાં ગાલે રે!
છે અધર બિંબ પરવાળી રે, ઉપર ઢળકે વેસરવાળી રે. ૧૩

બાજુબંધ ગળુબંધ માળ રે, નવસર હાર ઝાકઝમાળ રે;
કટિ ઘમકે ક્ષુદ્રઘંટાલી રે, પહેરણ પચરંગી ફાલી રે. ૧૪

ઝમકે ઝાંઝર ઉજ્જ્વળ પાગે રે, વીંછિયા-અણવટ છંદે વાગે રે;
પહેરી પચરંગી પટોળી રે, જુએ મર્મે નયણાં ઘોળી રે. ૧૫

જડાવ ચૂડો કર ખળકાવે રે, માયા મહેતીરૂપે આવે રે;
મોહી સભા અંબાને નીરખી રે, દેવી દીસે વાણિયણ સરખી રે. ૧૬

લલિતા વિશાખા બે ખવાસી રે, છે ભક્તિ મુક્તિ ચાર દાસી રે;
સંગે આવે દેવાધિદેવ રે, મહેતે ઓળખ્યા હરિ તતખેવ રે : ૧૭

'ભલે આવ્યા શેઠ શામળિયા રે,' મહેતો માધવજી-શું મળિયા રે;
ભેટતાં બોલ્યા સુંદરશ્યામ રે : 'મારું પ્રગટ ન લેશો નામ રે. ૧૮

રખે વાત અમારી ચર્ચો રે, તમારે જે જોઈએ તે ખર્ચો રે;
કુંવરબાઈના પૂરો કોડ રે', એમ કહી બેઠા રણછોડ રે. ૧૯

પછે સભા સરવ સાંભળતાં રે, હરિ વચન બોલે છે વળતાં રેઃ
'જાઓ, શેઠાણી! દુખ કાપો રે, કુંવરબાઈને હૃદિયાશું ચાંપો રે.' ૨૦

એવું સાંભળી કમળા હીંડ્યાં રે, કુંવરબાઈને હૃદિયાશું ભીડ્યાં રેઃ
'મારી મીઠી! ન ભરિયે આંસુ રે, તેડો ક્યાં છે તમારી સાસુ રે.' ૨૧

મળી નાગરીઓ કરે વિચાર રે, જોઈ રૂપ મૂક્યો અહંકાર રે;
વેવાણ કમળાને એમ પૂછે રે : 'મહેતા સાથે સગપણ શું છે રે?' ૨૨

કોકિલા-સ્વર સુધારસ વાણી રે, તવ હસીને બોલ્યાં શેઠાણી રે :
વેવાણ! નથી તમો જાણિયાં રે? તમો બ્રાહ્મણ ને અમો વાણિયાં રે. ૨૩

વેપાર દોશીનો, ઘેર કોઠી રે, અમને ઓથ નરસૈંયાની મોટી રે;
ધન મહેતાજીનું અમો લીજે રે, વેપાર કાપડનો કીજે રે. ૨૪

અમો આવ્યાં મોસાળું કરવા રે, ઠાલી છાબ તે વસ્ત્રે ભરવા રે;
મહેતે જે જે વસ્ત્ર મંગાવ્યાં રે, અમો લખ્યા પ્રમાણે લાવ્યાં રે.' ૨૫

એવું કહીને બેઠાં શેઠાણી રે, સરવ નાગરી સાંસે ભરાણી રે;
તેડ્યા શ્રીરંગ મહેતો વેવાઈ રે, ભાવે ભેટ્યા શ્રી જદુરાઈ રે. ૨૬

ત્યારે વિસ્મે થયા સહુ નાગર રે, ભરી છાબ તે કરુણાસાગર રે;
મહેતાને કહે વનમાળી રે : 'કરો પહેરામણી સંભાળી રે. ૨૭

વલણ

સંભાળી કરો પહેરામણી,' એમ કહે સુંદરશ્યામ રે :
'વળી ઘટે તેવું સોંપજો, અમો વાણોતર સરખું કામ રે.' ૨૮

## કડવું ૧૪

[ છાબ ખાલી હતી તે 'જુઓ શામળિયે ભરી.' વડસાસુએ ભયાનક યાદી કરીને ઠાવકી કુટિલતાથી કહેલું – 'આશરા પડતું મેં લખાવ્યું, બાપ તમારો રાંક' એનો સચોટ ઉત્તર હોય એમ કુંવરબાઈ કહે છે : 'જો લખ્યાથી આશ હોય ઘણી, માગી લેજો બાઈ, પહેરામણી'. લોભી નાગરોનાં મનની દરિદ્રતા પણ અહીં ઉઘાડી પડી જાય છે, એમાં કવિનું આલેખનકૌશલ છે. ]

(રાગ મારુ)

મહેતાજીએ તેડી દીકરી, 'જુઓ, છાબ આ શામળિયે ભરી;
પહેરાવો સરવ નાત નાગરી, આ અવસર નહિ આવે ફરી.' ૧

કંકાવટી કર માંહે ધરી, સાસુ પાસે વહુ સંચરી;
હાસ કરી ગર્વે ઉચ્ચરી : 'બાઈ વસ્ત્ર આપો વહેંચી કરી. ૨

વૈષ્ણવ કહીને દેતાં ગાળ : "એ શું મામેરું કરશે કપાળ?"
તમો નિંદતાં તુલસી ને તાળ, તેણે વશ કીધા ગોપાળ. ૩

જુઓ, કમાઈ દુર્બળ તણી, જીવે છે હરિના ગુણ ભણી;
જો લખ્યાથી હોય આશા ઘણી, માગી લેજો, બાઈ! પહેરામણી.’ ૪
સાંભળી કુંવરવહુની વાણી, સાસુએ તેડ્યાં ગોર-ગોરાણી;
પૂજ્યા પાય બહુ આદર કરી, આઠ વસ્ત્ર આપ્યાં કર ધરી. ૫

ભીડ નાગરની ઘણી ભાળી, પછેડીની પલવટ વાળી;
આવ્યા છાબ પાસે વનમાળી, છોડી ગાંઠડી વસ્ત્ર આપે ટાળી. ૬

મહેતોજી કહે : ‘લો આ, દીકરી! સસરાને આપો પામરી;’
ગડી જરકથી વાઘાની કરી, હેમ સાંકળી ઉપર ધરીઃ ૭

‘વરના મુખ આગળ જૈ ધરો, નીચું જોઈને પાછાં ફરો;
પહેરામણી મનગમતી કરો, રખે પગલું પાછું ભરો.’ ૮

સજોડે તેડ્યાં જેઠ-જેઠાણી, આઠ વસ્ત્ર પહેરાવ્યાં આણી;
પ્રીતે પૂજ્યાં દિયર-દેરાણી, બુસટિયો તવ બોલ્યો વાણી : ૯

‘જ્યહાં નરસૈંયો ત્યહાં નવનિધિ,’ દિયરિયો બેઠો હઠ કીધી;
પાંચ મહોર સોનાની લીધી, પછે પહેરામણી ચાલવા દીધી. ૧૦

‘કુંવરબાઈ પિતા કને આવી, નણદીએ પહેરામણી અટકાવી;
રાખડી બે તોલાની લાવી, દસ તોલા આપી સમજાવી. ૧૧

આપ્યા સાસુને સોળે શણગાર, પહેરાવી કીધો નમસ્કાર;
તવ કોપ્યાં વડસાસુ અપાર, સરવ કુટુંબનો કીધો તિરસ્કાર. ૧૨

**વલણ**

તિરસ્કાર કીધો ડોશીએ : 'પહેરામણી પહેરું નહીં;
વડી વહુ આગળ થઈ, હું ઘરડી તે પાછળ રહી!' ૧૩

## કડવું ૧૫

[આજે તો હવે અપરિચિત લાગે એવાં, અનેક પ્રકારનાં મોંઘાં વસ્ત્રોની કવિની જાણકારી પણ આનંદ-આશ્ચર્ય પ્રેરે એવી છે. કવિની લય-પ્રાસ-ચાતુરી પણ જુઓ : ગંગાવહુને ગજિયાણી..., રૂપકુંવરને રાતો સાળુ... અને છેવટે 'પિયરપનોતી કુંવરવહુ' ]

રાગ રામગ્રી)

વડી વહેવાણ રિસાયાં જાણી લક્ષ્મીજી પાસે આવ્યાં જી;
સારું ખીરોદક ખાંધે મૂકીને ડોશીને મનાવ્યાં જી. ૧

જેજેકાર થયો મંડપમાં, સહુને હરખ ન માય જી;
મનગમતી પહેરામણી દેખી તેડેતેડાં થાય જી; ૨

ઘેર ઘેર થઈ વાત નગરમાં : 'મહેતો કરે મામેરું જી;'
વિચાર કરતી અબળા ધાયે : 'મનગમતી સાડી પહેરું જી.' ૩

ચારે વર્ણ જે ચરણે ચાલે, તે આવે મંડપ માંહ્ય જી;
પલવટ વાળી શ્રી વનમાળી ઊભા છે તે ત્યાંય જી. ૪

મહેતો ઊભા તાળ વજાડે, ગાય વેરાગી ગીત જી;
શીખવે સાસુ કુંવરવહુને પહેરામણીની રીત જી. ૫

શ્રીરંગજી ને શામળ મહેતો પામ્યા ઝીણાં શેલાં જી;
હેમજી ખેમજી મહેતાને પીતાંબર ખાંધે મેલ્યાં જી. ૬

કભાય કોને, પામરી પટકા, નામ ન જાયે ગણિયાં જી;
કોને મુગટા, કોને સોળાં, કોને શેલાં-શણિયા જી. ૭

કોને મગિયાં, કોને ગજિયાં, કોને સાહ્યબી સાર જી;
ગુચ્છપેચ, પાઘડીઓ, ચીરા, કસબી તોરા અપાર જી. ૮

ઝીણા નીમા, ઝીણી પછેડી, વાળ્યા છે કટિબંધ જી;
વસ્ત્ર તણો વરસાદ વરસ્યો, દોશી કરુણાસિંધુ જી. ૯

થરમા ઉજ્જ્વલ કોને કોરા, વેઢ વીંટીઓ છાપ જી;
દુગદુગી, માળા, માદળિયાં, નહિ મોતીનો માપ જી. ૧૦

કંદોરા કોને, કોને કંઠી, પહોંચી, સાંકળી, માળ જી;
કોને મુક્તાફળનાં કુંડળ જડાવ ઝાકઝમાળ જી. ૧૧

પહેરામણી પુરુષોને પહોંતી, પછે તેડ્યો અબળા-સાથ જી;
પિયળ કાઢીને ખાંધે મૂક્યાં પટકૂળ નાના ભાત જી. ૧૨

ગંગાવહુને ગજિયાણી સાડી, સુંદરવહુને સાળુ જી;
ગોરે અંગે સબળું શોભે માંહે કાપડું કાળું જી. ૧૩

છબીલી વહુને છાયલ ભારે, ભાત રાતી ધોળી જી;
કોડવહુને કલગેર આપી, પ્રેમવહુને પટોળી જી. ૧૪

રામકુંવરને, કૃષ્ણકુંવરને આપ્યા ભારે ઘાટ જી;
છેલવહુને છીંટ જ આપી, નાની વહુને નાટ જી. ૧૫

પાનવહુને પીતાંબર આપ્યું, તાસ તો બચ્ચીબાઈ જી;
રૂપકુંવરને રાતો સાળુ, દેવકુંવરને દરિયાઈ જી. ૧૬

જસમાદે, જસોદા, જીવી, જમુના, જાનકીવહુ જી;
ચરણાં, ચોળી ને ઘરસાડી પહેરી ઊભી સહુ જી. ૧૭

વાનબાઈ ને વેલવહુ ને રંભાવતી ને રૈયાં જી;
જૂનાં કાઢી નવાં પહેરે હેઠાં મૂકી છૈયાં જી. ૧૮

છાબની પાસે છબીલોજી બેઠા, જે જોઈએ તે આપે જી;
મજીઠિયાં, મશરૂ ને કમખા ગજે ભરી ભરી કાપે જી. ૧૯

પાટ, પીતાંબર ને નીલાંબર, ચોદિશ રાજે ચીર જી;
સાડી જરકશીની સોહે, ઓઢણીએ છે હીર જી. ૨૦

કેસરછાંટ્યા ધોળા સાળુ, ફરતી ઝળકે કોર જી;
ચંદ્રકળા ને મોરવી સોહે, દોરિયાં માંહે દોર જી. ૨૧

અતલસ, પાંચપટા, નારંગી, વળી બદામી રંગ જી;
આભૂષણ સોનારૂપાનાં, માંહે જડાવ્યાં નંગ જી. ૨૨

કોને અકોટી, કોને ત્રોટી, ગળુબંધ બહુમૂલ જી;
કોને ભમર, કોને સેંથો, ત્રિસેંથિયાં, શીશફૂલ જી. ૨૩

કો મહેતા પાસે માળા માગે, ઊભી રહી કર જોડે જી;
કોએક પોતાનું લઈને, બાળક મહેતા આગળ ઓડે જી. ૨૪

**વલણ**

ઓડે બાળક, જાણે કંઈક આપે, મનવાંછિત પામ્યાં સહુ રે;
સાસરિયાં સરવ વખાણે : 'પિયરપનોતી કુંવરવહુ રે.' ૨૫

## કડવું ૧૬

[ અંતનો એક કથાવળાંક જુઓ : કૃષ્ણના ગયા પછી નણદીનો વાંધો ને એનું નિરાકરણ! કવિ અને કથાકાર બંને રૂપે પ્રેમાનંદ ઉત્તમ નીવડે છે.

આખ્યાનનું કથા-સમાપન સમય-સ્થળને પણ આલેખી આપે છે.]

(રાગ ધન્યાશ્રી)

કોડ પહોંત્યાં કુંવરવહુના, ભાંગ્યું ભવનું મહેણું જી;
મનગમતી પહેરામણી પામ્યાં, જેહને જેવું લહેણું જી. ૧

નાગરી નાત, કુટુંબ, પડોશી, ચાકર, કોળી, માળી જી;
પહેરામણી સહુ કોને પહોંચી, વાચા પ્રભુએ પાળી જી. ૨

સોળે શણગાર કુંવરીને આપ્યા, મહેતાને દીધાં માન જી;
છાબમાં બે પહાણ કનકના મૂકી, થયા અંતર્ધાન જી. ૩

સભા સહુ કો વિસ્મય પામી : 'અલૌકિક શેઠશેઠાણી જી;'
મહેતાને સહુ પાયે લાગે, ભક્તિ સાચી જાણી જી. ૪

કુંવરબાઈની નણદી આવી, બડબડતી મુખ મરડે જી;
'પહેરામણી કોને નવ પહોંતી,' કોને નામે ભરડે જી. ૫

'પહેરામણી પરન્યાતી પામ્યાં, ગયાં ઘરનાં માણસ ભૂલી જી;
એક કટકો કાપડું નવ પામી પુત્રી મારી ફૂલફૂલી જી. ૬

મુને આપ્યું તે પાછું લ્યો, ભાભી! રાખડીબંધામણ જી,
નામ મહેતો પણ ન હોય નાગર, દીસે દુર્બળ બ્રાહ્મણ જી' ૭

કુંવરબાઈ પિતા કને આવી : 'પિતાજી! હવે શું થાશે જી?
આટલું ખરચતાં મહેણું રહ્યું માથે, હવે કેમ જિવાશે જી? ૮

વીસરી દીકરી નણંદ કેરી, નાનબાઈ જેનું નામ જી;
છ મહિનાની છોકરી ભૂલી, એક કાપડાનું કામ જી.' ૯

મહેતોજી કહેઃ 'પુત્રી મારી! સમરો શ્રીગોપાળ જી;
એક તાંતણો હુંથી ન મળે, બેઠો વજાડું તાળ જી.' ૧૦

ફરી ધ્યાન ધર્યું માધવનું : 'ત્રિકમ! રાખો ટેક જી,'
પંચરંગનું ગગન વિષેથી પડ્યું કાપડું એક જી. ૧૧

નણદી સંતોષ્યાં કુંવરબાઈએ, મહેતે માગી વિદાય જી;
સહસ્ર મહોર, સોનાના પહાણા, મૂક્યા તે છાબ માંહ્ય જી. ૧૨

નાગરલોક સહુ પાયે લાગે, પૂજે, કરે વખાણ જી;
જૂનેગઢ મહેતોજી આવ્યા, સમર્યા સારંગપાણ જી. ૧૩

વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ જી;
ચતુર્વિંશી જ્ઞાતિ બ્રાહ્મણ, ભટ્ટ પ્રેમાનંદ નામ જી. ૧૪

સંવત સત્તર ઓગણચાળો, આસો સુદિ નોમ રવિવાર જી;
પૂરણ ગ્રંથ થયો તે દિવસે યથાબુદ્ધિ વિસ્તાર જી. ૧૫

પ્રીત્યે કરી જે ગાય સાંભળે દારિદ્ર્ય તેનું જાય જી,
બેહુ કર જોડી કહે પ્રેમાનંદ, રાખો હરિ હૃદયા માંય જી. ૧૬

## શબ્દાર્થ અને ટિપ્પણ

**કડવું ૧.**

કડી

**૧. મામેરું** (મોસાળું) = કન્યાના માતૃપક્ષ તરફથી–મામાના ઘેરથી કરવામાં આવતી પહેરામણી

**૧ મનમુદા** = મનને આનંદ આપનારું

**૬. કર્પૂરગૌર** – ઉમિયા (પાર્વતી)નો કપૂર જેવો ગોરો દેહ

**કડવું ૨**

**૬ઉદ્ધવ-વિદૂર** – એવા મહાન ભક્તોની હરોળમાં નરસિંહને સ્થાન આપ્યું

**૯. ત્રિપુરાર** – ત્રણ પુર(નગર)ને જીતનાર મહાદેવ શંકર

**૧૪. તું ગોરાણી, મેં પ્રમાણી** – તારી મને સાચી ઓળખ થઈ, તારા વજ(કડવા) વચનથી જ છેવટે હું હરિને પામ્યો

**કડવું ૩**

**૨. ચંગ** = એક વાદ્ય

**૩ તદાકાર** = તન્મય

**૭ જંજાલ** = સંસારની કડાકૂટ

**૧૧. છે લઘુવય નાનો ભરથાર** – પતિ નાની વયનો છે એટલે પરિવારમાં એનો પોતાનો કોઈ અવાજ નથી, કુંવરબાઈને એનો સધિયારો નથી.

**૧૩ દુર્બલની** = આર્થિક રીતે નબળા કુટુંબની

**૧૪ સીમંત** = સ્રીની પ્રથમ સગર્ભાવસ્થા પ્રસંગે કરવાનો સંસ્કાર, રીત
**૧૫. દ્યામણી** – દયામણી, લાચાર
**૧૯ ફજેત** = બેઆબરૂ
**૨૧ ફગો** = છકી જાવ છો

કડવું ૪

**૧. પત્ર જ આપ્યું..** –સંસ્કૃતમાં ને મધ્યકાલીન ગુજરાતીમાં પત્ર(પત્રમ્) શબ્દ નપુંસક લિંગનો છે.
**૨ દામ** = દ્રવ્ય
**૫ વહેલ** = ઉપર ઓઢાવાળું શણગારેલું ગાડું
**કડી ૫**-માં ધૂંસરી, સાંગી, સોટા, તલાવા, પીંજણી વગેરે ગાડાના વિવિધ ભાગોનાં નામ છે.
**૧૧ ગળિયો** = અશક્ત, થાકીને બેસી પડેલો
**૧૨ ચીચૂએ** = ચૂંચૂં એવો અવાજ કરે.
**૧૪. વિષયીપુરના લોક** – સંસારની ભૌતિકતા, લાલસામાં ફસાયેલા. એ લોકો વૈષ્ણવ નરસિંહનો ભક્તિમાર્ગ શું જાણે?
**૨૫. સુરભિ** – ગાય

કડવું ૫.

**૨,૬ જૂઆ-બગાઈઓ** = ઢોર (પ્રાણી)ના શરીર પરનાં જીવડાં
**૫ ફૂટડો** = સુંદર
**૯ ઠીઠોલી** = ઠઠ્ઠા મશ્કરી
**૧૩ મચ્છર** = મત્સર, અભિમાન
**૧૪ મેર** = મેરુ પર્વત

**૨૨ નાડાછડી, મોડ** વગેરે મંગલ પ્રસંગે જરૂરી સામગ્રી
**૨૨. ઘાટ** = રેશમી સાડી
**૨૫ તલફે** = તરફડિયાં મારે
**૨૯ આસામી** = વ્યક્તિ, મનુષ્ય
**૩૧ ફાંસુ** = ફોગટ, વ્યર્થ

કડવું ૬.

**૧ ભારે** = ઉંમરમાં, વજનમાં (?), સત્તામાં
**૪ સેં સાત** = સાતસો
**૪ વાંકડિયાં ફોફળ** = ઊંચી જાતની સોપારી
**૫ તાસ** = સોના-રૂપાના તારવાળું રેશમી વસ્ત્ર;
૫ **ચાર ચોકડી** = ૪x૪ = ૧૬ સંખ્યા, અથવા ચાર ચોકડીની ભાતવાળા
**૫ કોડી** =વીસ; **પંદર કોડી** ૧૫x૨૦ = ૩૦૦.
**૫ પછેડી** = પામરી, ખેસ, દુપટ્ટા, કડી ૮માં છીંટ, મોરવી વગેરે, કડી ૯માં મશરૂ ગજીઆણી વગેરે, કડી ૧૦માં શેલાં – એ બધી સાડીઓની વિવિધ જાતોનાં નામ છે
**૧૪ પહાણિયા** = પથ્થર

કડવું ૭.

**૧ ડાટ વાળ્યો** = ગજબ કર્યા, પાયમાલ કરી નાખ્યા
**૨ કાતી** = છરી દગો, ડંખ,
**૬ સધારો** = સિધાવો, પાછા જાઓ

કડવું ૮.

**૩. કંદર્પસરીખો લાજે** –કંદર્પ(કામદેવ) જેવો પણ નરસિંહના રૂપ આગળ શરમાય, ભોંઠો પડે– એવો કટાક્ષ

**૫ કળકળતું** = ઊકળતું

કડવું ૯.

**૫ સમોવણ** = ગરમ પાણી માફકસરનું કરવા ઉમેરવાનું ઠંડું પાણી

**૭ કોરણ** = ધૂળ,કાંકરી સાથેની આંધી

**૮ સાધ** = સાધુ, સજ્જન

**૧૦ માવઠું** = માઘ-વૃષ્ટિ, કઋતુનો વરસાદ

કડવું૧૧.

**૨ વહેવાર** = રિવાજ

**૩ ટોપીવાળા** = કાન-ઢંકાતી ટોપી પહેરેલા સાધુઆ

**૬ વેસર** = નાકે પહેરવાની નથણી

**૭. ઠીંઠોળી** – ઠઠ્ઠા-મશ્કરી

**૯ કડલાં,કાંબી** = પગનાં ઘરેણાં

**૧૫ પિયરપનોતી** = પિયરપક્ષે નસીબદાર. અહીં કટાક્ષમાં; પરંતુ કડવું- ૧૫(કડી ૨૫)માં એના સાચા અર્થમાં.

**૧૫ સાધર પહોંતી છે** = મનના કોડ પૂરા કર્યા છે (વક્રોક્તિ છે)

કડવું ૧૨

**૨ વેદીઆ** = વેદ જાણનાર નાગર બ્રાહ્મણ (અહીં કટાક્ષમાં)
**૨ માધવ શું ભેદિયા** = પ્રભુમાં તલ્લીન થયા છે.
**૩ દામોદર, બાલમુકુંદ...** = કડી ૩થી ભગવાનનાં વિવિધ નામો અને પૌરાણિક સંદર્ભો સાથે ભક્તોને ઈશ્વરે કરેલી સહાયના ઉલ્લેખો છે (કડી ૧૯ સુધી)
**૨૪ પિંગાણી** = માથામાં નાખવાના તેલની લાકડાની વાટકી

કડવું૧૩

**૧ પુરુષપુરાણી** = પુરાણ પુરુષ ભગવાન
**૩. વાણોતર** – શેઠના મદદનીશો, ગુમાસ્તા
**૬ અડવાણે** = ખુલ્લા-ઉઘાડા પગે
**૭. બજાજ** – કાપડિયો, કાપડનો વેપારી
**૯ જામા** = ઘેરવાળું અંગરખું, પહેરણ જેવું.
**૧૦ વેલિયાં** = વેઢ, આંટાવાળી વીંટી
**૧૨. જાણે ઊગિયા શશિયર ભાણ** – ચંદ્ર અને સૂર્ય. કમળાનું તેજ સૂર્ય-ચંદ્ર જેવું. ઉત્પ્રેક્ષા
**૧૪ ક્ષુદ્ર ઘંટાલી** = નાનાં કાણાં પાડેલી ઘંટડીઓની હાર
**૧૪ વીંછીઆ, અણવટ** = પગની આંગળી અને અંગૂઠાનાં ઘરેણાં
**૨૩ કોઠી** = વેપારની પેઢી
**૨૩ ઓથ** = મદદ
**સાંસે** = શ્વાસે,આશ્ચર્ય અને ભોંઠપથી શ્વાસ ઊંચો થઈ ગયો

કડવું૧૪.

**૪ કમાઈ** = કમાણી, વળતર

**૫ ઉમા-મહેશ્વર આપ્યાં આણી** = શિવપાર્વતીના યુગલને શણગારે, એમાં ત્રણ સ્ત્રીનાં અને આઠ પુરુષોનાં વસ્ત્રો હોય.

**૬ પલવટ વાળી** = કમર ઉપર કપડું બાંધી

**૯ બુસટિયો** = સીમંતિનીને કંકુવાળા હાથ ગાલે લગાવવાની વિધિ કરનાર પતિનો નાનો ભાઈ (દિયર)

કડવું ૧૫.

**૬ ખીરોદક** = ક્ષીરોદક; એક જાતનું રેશમી વસ્ત્ર

કડી ૬થી૨૩ વિવિધ વસ્ત્રો, સાડીઓ, તથા અલંકારોનાં નામ છે

**૨૪ ઓડે** = ધરે, લંબાવે

કડવું૧૬.

**૧ કોડ** = અંતરની ઇચ્છા, અભિલાષા

**૬ પરન્યાતી** = (નાગર સિવાયની) બીજી જ્ઞાતિનાં

**૬ ફૂલફૂલી** = ફૂલ જેવી ખીલેલી

**નેગિયો** = પ્રતિષ્ઠિત-આબરૂદાર

○○○


જુઓ આગળ

**આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ**

**પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન**

**કુંવરબાઈનું મામેરું આસ્વાદ-સમીક્ષા**

## આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

## પ્રેમાનંદ : સમય,  જીવન અને સર્જન

## કુંવરબાઈનું મામેરું આસ્વાદ-સમીક્ષા

રસની બાબતમાં કોઈપણ ગુજરાતી કવિ પ્રેમાનંદના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ. એ ધારે છે ત્યારે રડાવે છે, ધારે છે ત્યારે હસાવે છે અને ધારે છે ત્યારે શાંત રસના ઘરમાં આપણને લઈ જઈને બેસાડે છે.

**નવલરામ**

[ગુજરાતીના પહેલા વિવેચક]

## આખ્યાન-કાવ્યનું સ્વરૂપ અને વિકાસગતિ

### ભૂમિકા – મધ્યકાલીન કથા-પરંપરા

ગુજરાતીની કથા-કથન-પરંપરા વિવિધ રૂપે વિલસી હતી. એની લાંબી સમૃદ્ધ પરંપરા રહી છે. જૈન કવિઓની ચરિત્રાત્મક કથાઓ **'રાસા'** નામે ઓળખાતી. જેમ કે ભરતેશ્વર બાહુબલિરાસ. એમાં કથાના નિમિત્તે સાંપ્રદાયિક ધર્મબોધ કેન્દ્રમાં રહેતો એ કારણે સંપ્રદાયમાં એનું ઝાઝું મહત્ત્વ રહેતું એ ખરું, પણ એમાં કથા પણ શ્રોતાઓને માટે એટલી જ રસપ્રદ રહેતી. પુરાણીઓ જે કથા કહેતા એમાં પૌરાણિક કથાઓ અને ચરિત્રોની ભવ્યતા પ્રભાવક બનતી. એના પરથી**ચરિત/ ચરિત્ર** નામનું કથા-રૂપ વિકસ્યું. જેમ કે જંબુસ્વામી ચરિત્ર. ત્રીજો પ્રકાર લોકવાર્તા કે **પદ્યવાર્તા**નો.શામળની લોકવાર્તાઓમાં મનોરંજન ભરપૂર હતું પરંતુ એની કૌતુકમય સૃષ્ટિ વાસ્તવિક કરતાં વધુ રંગદર્શી રહેતી હતી.

### આખ્યાનનો વિશેષ

એટલે, જીવાતા જીવનની સમાન્તરે રહીને આનંદદાયક બની શકે એવો કાવ્યપ્રકાર તો આખ્યાન જ હતો. એક તરફ એમાં ધાર્મિક-પૌરાણિક કથાનકોની ભવ્યતા ને પ્રેરકતા હતી જે આનંદ સાથે ધર્મલાભ પણ આપતી. તો બીજી તરફ એમાં તત્કાલીન જીવનની વિવિધ ભાતો હતી – શ્રોતાઓને આખ્યાન-કથાનકોનાં પ્રસંગો-પાત્રોની રજૂઆતમાં પોતાના જીવનનું પ્રતિબિંબ પણ દેખાતું. આખ્યાનમાં પ્રસંગોની ખીલવણી થતી ને પાત્રોનાં ઘેરાં ને વિસ્તારિત ચિત્રો આલેખાતાં; વનનાં, સ્થળનાં, પાત્રોનાં રસદાયક વર્ણનો થતાં; પાત્રો વચ્ચેના સંવાદો આલેખાતા;

કથનની સાથે અભિનયનું તેમજ ગાયનનું તત્ત્વ પણ એમાં ઉમેરાતું. આખ્યાનકાર અસરકારક ને ભાવવાહી કથન કરતો; સંસ્કૃત શૈલીની ભવ્યતા ઉપસાવતાં પ્રસંગાલેખનો કરતો; ક્યારેક છટાથી પાત્રો-પ્રસંગોની તીવ્ર રેખાઓ દોરતો ને તળપદા લહેકાથી પાત્રના ભાવોને તાદૃશ કરી આપતો; કથાની વચ્ચે આવતા લાગણીના ઉદ્રેકોને પદ-ગાનથી પણ અસરકારક બનાવતો. આખ્યાનકારોમાં માણભટ્ટો પણ હતા ને એ માણ (ધાતુની ગાગર) પર તાલ દઈને કથન-ગાનમાં શ્રોતાઓને તદ્રૂપ કરતા.

આ બધાને કારણે આખ્યાન વિવિધ વય-રુચિના શ્રોતાસમુદાયને મંત્રમુગ્ધ કરનારું મધ્યકાલીન સ્વરૂપ બન્યું હતું – નાટકની જેમ એ ભિન્નરુચિના સર્વ મનુષ્યોનું તૃપ્તિભર્યું સમારાધન કરતું.

**સંસ્કૃતિનું જતન**

આખ્યાનોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંસ્કૃતિનું જતન કરવાનું વિશિષ્ટ કાર્ય પણ બજાવેલું. પ્રજાનો મોટો વર્ગ નિરક્ષર હતો. એથી ધર્મગ્રંથો, મહાકાવ્યો આદિ દ્વારા ધર્મ-જ્ઞાનના વારસાનું જાતે આકલન કરવાનું ને એ રીતે દૃષ્ટિને સ્થિર ને વિકસિત રાખવાનું એને માટે શક્ય ન હતું. ત્યારે આખ્યાનોએ પૌરાણિક-ઐતિહાસિક ચરિત્રોનાં – નરસિંહ, ચંદ્રહાસ, રામ, સીતા, નળ ,દમયંતી, કૃષ્ણ, આદિનાં – રસપ્રદ ને સાક્ષાત્કારક આલેખનો દ્વારા ધર્મ અને જીવનના આદર્શો સામાન્ય પ્રજાજનોમાં જીવતા રાખવાની ને એ રીતે એમની ધર્મશ્રદ્ધાને તથા એમની સંસ્કારિતાને સંકોરતા જવાની અપ્રતિમ સેવા બજાવી છે. પદ-ભજનાદિ ઊર્મિકવિતાથી જેમ પ્રજાની ધર્મકેન્દ્રીતા જળવાઈ એ જ રીતે આખ્યાન આદિ કથાત્મક કવિતાથી એમનામાંનો સંસ્કૃતિ-શ્રદ્ધાનો તાર

જીવંત રહ્યો, સંસ્કારિતા પોષાતી રહી અને વિધર્મી આક્રમણો વખતે પણ આંતરિક બળથી ટકી રહેવાની એક પોષક શક્તિ એમને મળતી રહી.

ધર્મશ્રદ્ધા ભલે જીવનના કેન્દ્રમાં રહેલી હોય પણ જીવાતું જીવન કદી એક-વિધ રહી શકતું નથી. પ્રજાની ઉત્સવપ્રિયતા વિવિધતાનો એક મોટો સ્રોત બનતી હોય છે – એ ઉત્સવો ધાર્મિક પણ હોય અને સામાજિક પણ હોય. જન્મ, લગ્ન, સીમંત આદિ ઉત્સવોનું રૂપ જેટલું સામાજિક એટલું જ ધાર્મિક પણ રહેતું હતું. કૃષ્ણ-જન્મ, રુક્મિણીવિવાહ, સીતાસ્વયંવર આદિ, પૌરાણિક પાત્રો સાથે સંકળાયેલા ઉત્સવોને પ્રજાએ પોતાના સામાજિક-પારિવારિક ઉત્સવો સાથે ઓતપ્રોત કરેલા છે. નરસિંહ મહેતાએ કરેલા મામેરાના 'વ્યવહાર' નરસિંહના સમયથી લઈને છેક પ્રેમાનંદના સમયમાં તે તે સમાજના રીતિ-રિવાજને પ્રતિબિંબિત કરતા રહ્યા છે. આખ્યાનકારોએ જેમ તત્કાલીન સમાજજીવનના આ રંગોનું વૈવિધ્ય ગ્રહણ કર્યું એમ જ એમના શ્રોતાસમુદાયે, આખ્યાનકારોએ ખીલવેલા આ પ્રસંગોમાંથી વળી પાછું વિશેષ પોષણ પણ મેળવ્યું હશે. સંસ્કૃતિની એ પણ એક વિશિષ્ટ ભાત છે ને આખ્યાન જેવાં સ્વરૂપોમાં ઝિલાતી ને પ્રસરતી રહે છે.

## સ્વરૂપનાં લક્ષણોનો ક્રમિક વિકાસ

આખ્યાનનું સ્વરૂપ નીપજાવવામાં એક તરફ મહાકાવ્યોની કથાઓ, પુરાણોની કથાઓ  તથા તે સમયના જૈન રાસાઓ – કથા-કથનની એક પરંપરા રચવામાં કંઈક પ્રેરક બન્યાં. પરંતુ આ બધા કરતાં આખ્યાન મધ્યકાલીન ગુજરાતીનું એક વિશિષ્ટ સ્વરૂપ પુરવાર થયું એ એના ચિત્રાત્મક વાર્તાકથનની લાક્ષણિકતાને કારણે. મહાકાવ્યોમાં પહોળે

પટે થતાં કાવ્યાત્મક વર્ણનો કેન્દ્રમાં રહે, પુરાણોમાં કથાઓ અને આખ્યાયિકાઓનું વટવૃક્ષ વિસ્તારથી આકાર ધારણ કરતું હોય જ્યારે આખ્યાન કોઈ એક પ્રસંગને – ઉપાખ્યાનને – લઈને કે એક ચરિત્રને લઈને ચાલતું હોય ને એ પ્રસંગ/ચરિત્રને બહેલાવીને રસાવહ કરવાની એની નેમ હોય. હેમચંદ્રાચાર્યે એમના **'કાવ્યાનુશાસન'** નામના ગ્રંથમાં આખ્યાન સંજ્ઞા ઉપાખ્યાન આદિના **અભિનયન્ પઠન્ ગાયન્**-માં જોયેલી એ બતાવે છે કે આવી કથા-રજૂઆતની એક પરંપરા હતી. પછીથી ગુજરાતી આખ્યાનમાં એ પરંપરા સ્વતંત્ર રીતે વિકસી.

## પદમાળાથી સંપૂર્ણ આખ્યાન તરફ

ઊર્મિઆલેખન કરતા પદ જેવા પ્રકારોમાં પ્રસંગો ઉમેરાતાં ને સંકલિત થતાં કથાનું આછું રૂપ બંધાતું ગયું, એ આપણને સૌથી પહેલાં **નરસિંહ**માં જોવા મળ્યું. એનાં આત્મચરિતનાં પદો તથા 'સુદામાચરિત' પદમાળારૂપ આખ્યાનો તરીકે સંકલન પામતાં ગયાં. ભાલણના 'રામબાલચરિત'માં પણ વિવિધ ભાવ-પરિસ્થિતિ આલેખતાં પદો છે. પરંતુ આ વિદગ્ધ કવિ આપણો પહેલો એવો કવિ છે જેણે મોટા પ્રમાણમાં પૌરાણિક કથા-વિષયોનું આલેખન કર્યું. એની આવી રચનાઓમાં સૌ પ્રથમ કડવાબંધ (=પ્રકરણબંધ) જોવા મળે છે – કથાના પ્રસંગોની એક સાંકળ રચાય છે, ને એથી આખ્યાનને એક સુબદ્ધ કથાપ્રકાર તરીકેનો આકાર મળે છે. આ કારણે જ **ભાલણ**ને આખ્યાન-કાવ્યપ્રકારનો પિતા કહેવામાં આવે છે.

**નાકર**માં આખ્યાનનું માળખું વધારે સ્પષ્ટ બને છે. આખ્યાનના આરંભે 'મુખબંધ'ની પરંપરા હતી, નાકર કડવાને અંતે આવતા 'વલણ'થી એને ઘાટ આપે છે. પૌરાણિક કથાનકોમાં સમકાલીન

જીવનરંગો ઉમેરવાનું પણ નાકરથી આરંભાય છે ને **પ્રેમાનંદ**માં એ પૂર્ણ રૂપ પામે છે.

**આખ્યાનનાં ઘટકો**

આખ્યાન એ સળંગ કથા નહીં પણ પ્રકરણ-બદ્ધ, એકબીજા સાથે જોડાલાં જતાં પ્રકરણોમાં વિભાજિત કથા-કાવ્ય-પ્રકાર છે. એ પ્રકરણ એટલે **કડવું.** – આખ્યાનના વિવિધ પ્રસંગો એમાં પ્રકરણરૂપ પામે છે. કડવું શબ્દ સંસ્કૃત કડવક પરથી આવેલો છે.કડવું સામાન્ય રીતે ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય – ૧. પ્રસંગનો આરંભ કરતી એક (કે બે) કડીઓનો પ્રસ્તાવનાદર્શી **'મુખબંધ'** (કેશવલાલ હ. ધ્રુવે એને માટે 'મ્હોડિયું' શબ્દ પણ યોજ્યો છે.) ૨. એ પછી કડવાનો મુખ્ય પ્રસંગાલેખન-અંશ. એને ઢાળ કહેવાય. કોઈ એક દેશી(રાગઢાળ)માં એ આલેખાયું હોય. ૩. કડવાને અંતે સમાપ્તિસૂચક **'વલણ'**ની એક કડી હોય, જે જુદા છંદ/દેશીમાં હોય. (વલણને ક્યારેક 'ઊથલો' પણ કહેવાય છે.) વલણના કેટલાક શબ્દો બીજા કડવાના 'મુખબંધ' માં પુનરાવર્તિત થતા હોય એવું પણ જોવા મળે. આ રીતે સાંકળ જેવી રચનાનો એક ઘાટ પણ ઊપસે છે. વિવિધ કડવાંમાં વિવિધ દેશીઓ યોજાઈ હોય, કોઈ કડવું ક્યારેક ઉદ્રેકસભર પદ રૂપે પણ આલેખાતું હોય. આખ્યાનના આરંભે – પહેલા કડવામાં – કવિ ગણપતિ, સરસ્વતી કે કોઈપણ ઈષ્ટદેવની પ્રાર્થના કરે ને કથાવસ્તુને નિર્દેશતું મંગળાચરણ કરે ને પછી શ્રોતાઓને કથાપ્રવાહમાં આગળ લઈ જાય. આખ્યાનના અંતે ધર્મલાભ માટેની ફલશ્રુતિ હોય, ક્યારેક આખ્યાન રચ્યાનાં વર્ષ-માસ-તિથિનો ને સ્થળનો નિર્દેશ હોય ને કવિનામ(કવિપરિચય)નો નિર્દેશ પણ હોય. આખ્યાનનું આ એક વ્યાપક માળખું. બધા જ કવિઓનાં

બધાં જ આખ્યાનોમાં આ સર્વ અંશો ન પણ હોય.

રોજરોજ શ્રોતાસમુદાય સામે કહેવાતું, વર્ણવાતું, ગવાતું – એક રીતે કહીએ તો 'ભજવાતું' – આખ્યાન દરરોજ એક કે બે કડવાંમાં કથારસ પીરસી, પછીના દિવસની કથાનું વિસ્મયભર્યું સૂચન કરી, પ્રત્યેક દિવસે શ્રોતાના રસને જાગતો રાખીને, છેવટે કથાની રસભરી પૂર્ણાહુતિ કરે.

આખ્યાનમાં — ઉત્તમ કવિઓનાં ઉત્તમ આખ્યાનોમાં — આજે પણ કથનકલા-નિપુણતાનો તેમજ કવિત્વનો આહ્‌લાદક અનુભવ થાય છે. સમય ઘણો વહી ગયો છે અને સંદર્ભ ઘણા બદલાઈ ગયા છે છતાં આજે પણ આખ્યાન કથા અને કવિતાની સંતર્પકતાના અનુભવ સુધી આપણને લઈ જઈ શકે છે એ એની સિદ્ધિ છે.

અને આવી સિદ્ધિમાં સૌથી મોટો ફાળો છે કવિ પ્રેમાનંદનો.

# પ્રેમાનંદ : સમય, જીવન અને સર્જન

## ૧. સમય

મધ્યકાળના કવિઓએ પોતાના જીવન વિશે ભાગ્યે જ કશું કહ્યું હોવાથી એ કવિ ક્યારે થઈ ગયા એ નક્કી કરવાનું બહુ મુશ્કેલ – ક્યારેક તો અશક્ય – બની જાય છે. જો કે એક એવી પરંપરા હતી કે કવિ કાવ્યના અંતની કડીમાં પોતાનું નામ ગૂંથતો (એને નામાચરણની પંક્તિ કહેવાય) ને આખ્યાન-રાસ-પ્રબંધ જેવી લાંબી કૃતિઓને અંતે કાવ્ય લખ્યાનાં સ્થળ ને સમયની તેમજ ક્યારેક પોતાના પરિચયની થોડીક વિગતો પણ મુકાતી. બધી કૃતિઓને અંતે આવા નિર્દેશો ન પણ થતા. પણ આવા નિર્દેશો થયેલા હોય તે આજે કવિનો સમય નક્કી કરવામાં આપણને ખૂબ જ મદદરૂપ નીવડે છે.

પ્રેમાનંદની કેટલીક કૃતિઓને અંતે રચનાવર્ષના ઉલ્લેખો છે. જેમકે ‘મદાલસા-આખ્યાન’ ઈ.૧૬૭૨, ‘નળાખ્યાન’ ઈ.૧૬૮૬, વગેરે. એની પહેલી કૃતિ ‘ઓખાહરણ’ સંભવતઃ ૧૬૬૭માં અને ‘રણયજ્ઞ’ સંભવતઃ ૧૬૯૦માં રચાયેલી કૃતિઓ છે. ‘ઓખાહરણ’ પૂર્વે ૭-૮ વર્ષે એનું કાવ્યસર્જન આરંભાયું હોય ને ‘રણયજ્ઞ’ પછી ‘દશમસ્કંધ’ વગેરે કૃતિઓની રચનાનાં દસેક વર્ષ ગણીએ તો પ્રેમાનંદનો કાવ્યસર્જન સમય-કવનકાળ-ઈ. ૧૬૬૦ થી ઈ. ૧૭૦૦ આસપાસનો અનુમાની શકાય. પ્રેમાનંદે વીસેક વર્ષની વયે કાવ્યસર્જન આરંભ્યું હોય એમ ગણીએ તો પ્રેમાનંદનો જીવનકાળ ઈ. ૧૬૪૦ થી ઈ. ૧૭૦૦ સુધીનો – સત્તરમી સદીના ઉત્તરાર્ધનો – ગણાવી શકાય.

## ૨. જીવનસંદર્ભ અને કૃતિઓ

જે કૃતિઓને નિશ્ચિતપણે પ્રેમાનંદની જ ગણી શકાય એમ છે એ

કૃતિઓમાંના ઉલ્લેખોને આધારે એટલું તારવી શકાય છે કે – પ્રેમાનંદ વડોદરાનો વતની હતો. ('વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે ગામ'); એના પિતાનું નામ કૃષ્ણરામ હતું ને એ મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિનો હતો. 'ઉદરનિમિત્તે સેવ્યું સૂરત ને ગામ નંદરબાર' એવી એની પંક્તિને આધારે કહી શકાય કે જીવનનિર્વાહ માટે ('ઉદરનિમિત્તે') એણે આખ્યાનકારનો વ્યવસાય સ્વીકારેલો ને વડોદરાથી સુરત ને છેક ખાનદેશના નંદરબાર સુધી અનેક ગામોમાં ફરીને એણે આખ્યાન-કથન-ગાન કર્યું હતું. નંદરબારના એક પ્રતિષ્ઠિત આગેવાન શંકરદાસ દેસાઈનો એને આશ્રય મળ્યો હતો. એ રામભક્ત અને કૃષ્ણભક્ત હતો. છેલ્લે 'દશમસ્કંધ'ની રચના ને એનું કથન-ગાન એણે વ્યવાસાય માટે નહીં પણ અંગત ભક્તિ-ભાવ માટે કરેલાં. એ કાવ્યમાં એક પંક્તિ છેઃ 'રામચરણ-કમળ-મકરંદ, લેવા ઇચ્છે પ્રેમાનંદ.'

કવિ નર્મદે જાતે તપાસ કરીને કેટલીક માહિતી મેળવેલી એ મુજબ પ્રેમાનંદના દાદાનું નામ જયદેવ હતું; માતા-પિતાના અવસાન પછી એ માસીને ત્યાં ઊછરેલો અને આખ્યાનકાર - માણભટ્ટ તરીકે એણે સારું એવું દ્રવ્ય એકઠું કરેલું, કેમ કે કવિ નર્મદના સમયમાં એના વારસો પ્રેમાનંદે બંધાવેલા ઘરમાં રહેતા. એ સમયે એ ઘરની કિંમત ૧૦,૦૦૦રૂ. જેટલી હતી એવું નર્મદે નોધ્યું છે.

પરંતુ પ્રાચીન ભક્તો - કવિઓ વિશે અનેક દંતકથાઓ પણ પ્રચલિત હોય છે એવી પ્રેમાનંદ વિશે પણ હતી : પ્રેમાનંદ જડબુદ્ધિ હતો પણ કોઈ મહાત્મા ગુરુની કૃપાથી એને કવિત્વશક્તિ મળી હતી. (કાલિદાસ વિશેની આ પ્રકારની દંતકથા પણ સૌને યાદ હશે જ!) વળી, પુરાણીઓ સામે સ્પર્ધા કરવા એણે સંસ્કૃતમાં પુરાણો વાંચવાનું છોડીને ગુજરાતીમાં આખ્યાન-કથા કરવાનું શરૂ કરેલું.

આવી દંતકથાઓ ઉપરાંત અર્વાચીન કાળમાં (ઈ. ૧૮૮૪થી)

હરગોવિંદદાસ કાંટાવાળાના સંપાદનમાં વડોદરાથી પ્રગટ થવા માંડેલાં 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' તથા 'પ્રાચીન કાવ્યમાળા'માં, વડોદરાના ને ગુજરાતના કવિ પ્રેમાનંદનું ગૌરવ અનેકગણું વધારી દેવા માટે, કેટલીક કૃતિઓ એને નામે છાપીને પ્રકાશિત કરવામાં આવી. એટલું જ નહીં, કોઈ 'પ્રેમાનંદસુત વલ્લભ'ને નામે પણ કેટલીક કૃતિઓ પ્રકાશિત કરવામાં આવી. આ બનાવટી કૃતિઓમાં પ્રેમાનંદના જીવન વિશેની કેટલીક ઉપજાવી કાઢેલી વિગતો મળે છે એ ટૂંકમાં મૂકીએ તો –(૧) પ્રેમાનંદ હિંદીમાં રચનાઓ કરતો. એને કોઈ ગુરુએ કહ્યું કે તું 'ઉંબર મૂકીને ડુંગરને' કેમ પૂજે છે? ત્યારથી એણે ગુજરાતીમાં લખવા માંડ્યું ને ગુજરાતી ભાષાનું ગૌરવ સ્થાપિત ન થાય ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી. (૨) પ્રેમાનંદનું બહોળું શિષ્યમંડળ હતું ને એમાં સ્રીઓ પણ હતી. એ શિષ્યોને એણે ગુજરાતી રચનઓ કરવાનું કહી અન્ય ભાષાઓ કરતાં ગુજરાતીની કવિતા ચડિયાતી બનાવવા સંકલ્પ કરેલો. (૩) પ્રેમાનંદને તથા (પ્રેમાનંદસુત ગણાવાયેલા) વલ્લભને શામળ સાથે ઝઘડો થયેલો એના ઉલ્લેખો પણ, પ્રેમાનંદ તેમજ વલ્લભને નામે થયેલી એ બનાવટી રચનાઓમાં આવે છે.

આખ્યાનો જ નહીં, નાટકો પણ પ્રેમાનંદને નામે છપાવીને ચડાવી દેવામાં આવ્યાં હતાં. ને એમ પ્રેમાનંદને નામે ૪૫ થી ૫૦ કૃતિઓ પ્રગટ થયેલી છે. પરંતુ હવે સ્પષ્ટ થઈ ચૂક્યું છે કે આમાંની ઘણી આખ્યાનકૃતિઓ (ને બધાં જ નાટકો) કોઈ અર્વાચીન વિદ્વાનોએ પોતે લખીને પ્રેમાનંદને નામે ચડાવી દીધેલાં! એમાં સૌથી વધુ શંકા ગયેલી છોટાલાલ ભટ્ટ નામના વિદ્વાન(!) વિશે. વિચક્ષણ વિદ્વાન નરસિંહરાવ દીવટિયાને સૌ પ્રથમ, આ કૃતિઓની ભાષા-શૈલી વિશે શંકા થયેલી ને એમણે 'પ્રાચીન કાવ્યત્રૈમાસિક' અને 'પ્રાચીન કાવ્યમાળા'ના સંપાદકો પાસે મૂળ હસ્તપ્રતો માગેલી પણ એ આપી શકેલા નહીં. એ પછી

કેશવલાલ ધ્રુવે પણ ઘણી કૃતિઓની પ્રમાણભૂતતા વિશે શંકા ઉઠાવેલી. બીજી કેટલીક કૃતિઓમાં ભેળસેળ પણ થઈ છે એટલે કે એમાં કેટલાક અંશો (જેમકે માર્કેંડેય પુરાણમાં મદાલસા આખ્યાન) પ્રેમાનંદની રચના હોય ને બાકીનું એને નામે ચડાવી દેવામાં આવ્યું હોય.

પરિણામે વિદ્વાન સંશોધકોએ સતત શુદ્ધ ને પ્રમાણભૂત (વિશ્વાસપાત્ર) કૃતિઓ શોધવા મથવું પડ્યું છે. ડૉ. પ્રસન્ન વકીલે 'પ્રેમાનંદની શંકાસ્પદ કૃતિઓ' વિશે ઉત્તમ સંશોધનગ્રંથ પ્રકાશિત કરેલો છે. એ પછી પણ કેટલીક વિગતો પ્રકાશમાં આવતી રહી છે. પ્રેમાનંદને નામે બતાવવામાં આવેલી કેટલીક કૃતિઓની હસ્તપ્રતો મળી છે પણ એ કૃતિઓ અન્ય પ્રાચીન કવિની રચનાઓ સાબિત થઈ છે.

એટલે, જેને પ્રેમાનંદની જ કહી શકાય એવી ખાતરીપૂર્વકની, પ્રમાણભૂત કૃતિઓ આ મુજબ તારવી શકાય એમ છે : ઓખાહરણ (૧૬૭૧), અભિમન્યુ આખ્યાન (૧૬૭૧), ચંદ્રહાસ આખ્યાન (૧૬૭૧), મદાલસા આખ્યાન (૧૬૭૨), હૂંડી (૧૬૭૭), શ્રાદ્ધ (૧૬૮૧), સુદામાચરિત (૧૬૮૨), મામેરું (૧૬૮૩), સુધન્વા આખ્યાન (૧૬૮૩), રુક્મણીહરણનો શલોકો (૧૬૮૪), નળાખ્યાન (૧૬૮૬), રણયજ્ઞ (૧૬૯૦), એ ઉપરાંત, રચનાવર્ષ ન દર્શાવતાં, દશમસ્કંધ, શામળશાનો વિવાહ, રુક્મણીહરણ, વામન કથા, દાણલીલા, ભ્રમર પચીસી, પાંડવોની ભાંજગડ તેમજ સ્વર્ગની નિસરણી, ફૂવડનો ફજેતો, વિવેક વણઝારો (રૂપક કાવ્ય), વિષ્ણુસહસ્રનામ, બાળલીલા-વ્રજવેલ, મહિના. આ કૃતિઓમાં પણ ક્યાંક, છપાતી વખતે, ઉમેરણ - ફેરફારો થયા હોવાનો સંભવ છે. તેમ છતાં આ કૃતિઓ પ્રેમાનંદની હોવા વિશે એકમતી પ્રવર્તે છે.

## ૩. પ્રેમાનંદની સર્જકપ્રતિભા

આખાયે મધ્યકાળમાં પ્રેમાનંદ સૌથી મોટો પ્રતિભાવાન આખ્યાનકાર

છે. એની પહેલાંની કે એના પછીની આખ્યાન કવિતાએ આટલું ઊંચું શિખર બતાવ્યું નથી. એટલું જ નહીં, અન્ય આખ્યાન-કવિતા-શિખરો કરતાં એ ઘણું વધારે ઊંચું છે. કેમકે કથન-કળામાં તેમજ કાવ્ય-કળામાં પ્રેમાનંદની પ્રતિભા વધારે તેજસ્વી છે ને સમયથી આટલે દૂર આપણા સુધી પણ એની આભા ફેલાયેલી છે – આજના ભાવકની રુચિને પણ પ્રેમાનંદનાં આખ્યાનો સંતોષી શકે છે, બલકે ક્યારેક તો સંતર્પી પણ શકે છે.

પ્રેમાનંદની આ સર્જકશક્તિના કેટલાક વિશેષો જોઈએ:

૧ પરંપરામાં સર્જકતાનો સંચાર

પરંપરાનો પ્રત્યક્ષ-પરોક્ષ પ્રભાવ ઝીલવો એ આરંભે કવિમાત્ર માટે સહજ હોય છે ને મધ્યકાળમાં તો પરંપરાનો પ્રત્યક્ષ-સીધો જ - લાભ ઉઠાવવો એનો પણ કશો છોછ ન હતો. પ્રેમાનંદે આપણી પૌરાણિક કથાસાહિત્યની લાંબી અને સમૃદ્ધ પરંપરાનો પૂરો લાભ લીધો છે. સંસ્કૃત કવિતાના સીધા કે અનુશ્રુત (સાંભળેલા) સંસ્કારો પણ એની કવિતા પર જોઈ શકાય છે. એના પુરોગામી ગુજરાતી આખ્યાનકારો ભાલણ, નાકર, વિષ્ણુદાસ વગેરેનાં આખ્યાનોના પ્રસંગ-અંશો ને ક્યાંય કાવ્ય-અલંકારણો પણ એણે અંગીકાર કરેલાં છે. – કાચી સામગ્રી તરીકે એણે ઘણું સ્વીકાર્યું છે તો ક્યાંક, નાકર જેવા એની પહેલાં થઈ ગયેલા કવિમાંથી તો, એણે 'પાકો માલ' – સીધી પંક્તિઓની પંક્તિઓ રૂપે – પણ લીધો છે.*(આ નિરીક્ષણ ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ વએમના શોધગ્રંથ 'નાકર : એક અધ્યયન'માં કરેલું છે.) પૌરાણિક કથાનકોમાં મધ્યકાળના કવિઓએ જે પોતીકા ઉમેરા કરેલા છે એ પણ પ્રેમાનંદે એનાં આખ્યાનોમાં સામગ્રી લેખે ઉપાડી લીધેલા છે જેમકે એના 'નળાખ્યાન' માંના ખૂબ જાણીતા ઉમેરા –મત્સ્યસંજીવની અને હારચોરીના પ્રસંગો – સૌ પહેલાં નાકરમાં દેખાય છે ને પ્રેમાનંદે એ

ત્યાંથી લીધેલા છે. જો કે પ્રેમાનંદે નમ્રતાથી પોતાના પુરોગામી આખ્યાનકારોની કવિતાનું આ ઋણ સ્વીકારેલું છે.

પૂર્વે જે જે કવિજન-વૈષ્ણવે કીધાં ચરિત્ર અપાર જી
તે સઘળાંનો જોડ કરીને બાંધું શુભ આખ્યાન જી

('હારમાળા')

પરંતુ પ્રેમાનંદે એની સર્જકશક્તિથી આ પરંપરામાં પ્રાણ પૂર્યો છે – પ્રસંગની કથાકૌશલ વાળી ખીલવણીમાં, ચરિત્રોની બાહ્ય અને આંતરિક રેખાઓને નવાં રૂપો અને પરિમાણો આપવામાં, એને સમકાલીન જીવન-પ્રવાહનો સંસ્પર્શ આપવામાં ને કવિતાની સૂક્ષ્મ પણ તેજસ્વી લકીર ખેંચવામાં પ્રેમાનંદે પોતાની આગવી શક્તિનો પ્રભાવક પરિચય આપેલો છે. નમૂના લેખે એક જ દૃષ્ટાન્ત લઈએ તો – 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, ચંદ્રહાસને 'વિષ દેજો'નું 'વિષયા દેજો' કરવાનો જાણીતો પ્રસંગ છે. વિષયા એ પત્રમાં 'યા' કેવી રીતે ઉમેરે છે? 'જૈમિનીય અશ્વમેધ'માં, આંબાના ઝાડનો રસ લઈ વિષયા નખથી એ અક્ષર ઉમેરે છે, એમ છે; નાકરમાં, દેવદારના વૃક્ષનું દૂધ કાઢીને એમાં 'કાજલ કિંચિત્ નેત્રનું ઉમેરી, અક્ષર કીધું શુદ્ધ' એવું આલેખન છે. આ કાજળવાળો વિચાર પ્રેમાનંદે નાકરમાંથી લીધો છે, પણ એનું આલેખન જુઓઃ

'એક નેત્રનું કાજળ કાઢ્યું, બીજા નેત્રનું નીર;
તરણા વતે લખ્યું તારુણીએ ધરી હ્રદયા મધ્યે ધીર'

('ચંદ્રહાસાખ્યાન', કડવું ૧૫,કડી ૨૫)

પ્રેમાનંદે વિગતોનો, નાયિકાના સૂક્ષ્મ મનોભાવોને ઉપસાવવામાં ઉપયોગ કર્યો છેઃ પત્રમાં 'વિષ દેજો' વાંચીને, પ્રેમોત્સુક વિષયા ઘડીભર ધ્રૂજી ગઈ હશે ને એની આંખો ભીની થઈ હશે. પણ પછી પરિસ્થિતિ સંભાળી

લઈને ('ધરી હૃદયા મધ્યે ધીર') કુશળતાથી એક નેત્રનું કાજળ તરણા પર લઈને બીજા નેત્રનું, આવીને જાણે કે ઠરી ગયેલું આંસુ ('નીર') ભેળવીને એણે લખ્યું હશે... આમાં, આ દૃશ્ય-વર્ણનની પડછે, એના ત્વરિત બદલાતા સંચારી મનોભાવો પણ આપણે જોઈ શકીએ છીએ. પ્રેમાનંદની કવિકલ્પનાનો એ વિશેષ છે. આખી કડીનો લય પણ, વિગતને અંતર્ગત રાખીને, સંવેદનના મરોડને સાક્ષાત્ કરી આપે છે.

પરંપરાને પ્રેમાનંદે સમકાલીન જીવન-પ્રવાહમાં ઓતપ્રોત કરીને પણ વધુ વિકાસશીલ-ગતિશીલ કરી, વધુ જીવંત પણ કરી એ એની સર્જકશક્તિનો વિશેષ – કહો કે વિલક્ષણ વિશેષ છે. આ માટે, એના સૌ અભ્યાસીઓની થોડીક ટીકા ને ઝાઝી પ્રશંસા પ્રેમાનંદ પામ્યો છે. ન્હાનાલાલે પ્રેમાનંદને 'સૌથી વધારે ગુજરાતી કવિ' કહ્યો એમાં સૌ વિવેચકોનો જાણે પ્રતિનિધિ સૂર છે.

**૨. ઉત્તમ કથન-કળાકર**

પ્રસંગ ગમે હોય – શોકનો કે મિલન-વિરહનો; હાસ્ય-મજાકનો કે ગંભીર ચિંતાનો; સ્વયંવરનો કે ડરામણા વનમાં એકલી તરછોડાયેલી યુવતીનો; લગ્નનો, સીમંતનો કે પુત્રજન્મનો – પ્રેમાનંદ એને બહેલાવીને, રંગીને રજૂ કરી શકે છે, સતત એ રસપ્રદ બની રહે એ રીતે. વર્ણન-આલેખન-વાક્છટા પર એની એવી પકડ હોય છે કે કોઈપણ કથા-અંશને વિસ્તારીને પણ એ એને વેગીલો, પ્રવાહી રાખી શકે છે ને પ્રસંગના હાર્દને એ એવી રીતે પ્રગટ કરે છે કે એના શ્રોતાને (હવે વાચકને) એ એક ક્ષણ પણ તન્મયતામાંથી બહાર આવવા દેતો નથી. આ શક્તિ નાટ્યકારની શક્તિ છે – જયંત કોઠારીએ કહ્યું છે એમ 'પ્રસંગની નિગૂઢ નાટ્યાત્મકતા છતી કરવાની અજબ આવડત' પ્રેમાનંદમાં છે. 'કુંવરબાઈનું મામેરું'માં નાગરો દ્વારા થતી નરસિંહની

અમાનવીય મજાક ને પછી દામોદર દોશી રૂપે ભગવાને કરેલા ભવ્ય મામેરામાં એ જ નાગરોની થતી વળતી ક્રૂર મજાકના પ્રસંગો; 'સુદામચરિત્ર'માં, કૃષ્ણને મળીને પાછા ફરતાં, પોતાના ઘરને બદલે મહેલ જોતાં ભ્રમિત થતા, અકળાતા- મૂંઝાતા સુદામાનો પ્રસંગ; 'ચંદ્રાહાસ-આખ્યાન'માં, બાગમાં સૂતેલા ચંદ્રહાસનના દર્શનથી લઈને એના પત્રમાં 'વિષ'નું 'વિષયા' કરતી વિષયાવાળો પ્રસંગ; 'નળાખ્યાન'માં સ્વયંવરમાં આવેલા રાજાઓની હાસ્યાસ્પદ લોલુપતા આલેખતો પ્રસંગ – એવા અનેક પ્રસંગોમાં પ્રેમાનંદની કથનકલા-શક્તિનો, ન ભુલાય એવો, આહ્‌લાદક અનુભવ થાય છે. અલબત્ત પ્રસંગને બહેલાવવામાં, એના સમયમાં જે કંઈ રસપ્રદ ને મનોરંજક બન્યું હશે એ બધું આજે એવું રસાવહ નથી પણ લાગતું – ક્યાંક એમાં અનૌચિત્યના, પ્રેમાનંદની ટૂંકી પડતી કલ્પનાના, અપ્રતીતિકરતાના ને ક્વચિત ગ્રામીણતાના અંશો પણ આપણને જણાવાના. તે સમયની ને કવિની આટલી મર્યાદા સ્વીકારી લઈએ તો મોટાભાગના પ્રસંગાલેખનમાં પ્રેમાનંદનું કથન-કૌશલ સાચે જ આહ્‌લાદક છે.

### ૩. માનવ-ભાવોનું ઝીણવટભર્યું આલેખન

પ્રેમાનંદનાં આખ્યાનો, વ્યાપક રીતે જોઈએ તો જેટલાં પ્રસંગકેન્દ્રી લાગે એટલાં પાત્રકેન્દ્રી કદાચ ન પણ લાગે તેમ છતાં કુંવરબાઈ, નરસિંહ, સુદામા, દમયંતી આદિ હૃદયસ્પર્શી પાત્રો એણે આલેખ્યાં છે ને એનાં જાતિચિત્રો જેવાં ગૌણ પાત્રો – કુંવરબાઈની વડસાસુ, 'ઓખાહરણ'ની ચિત્રલેખા, 'રણયજ્ઞ'ની મંદોદરી, 'મામેરું'ના દામોદર દોશી કે નાગરો – પણ કેટલીક આકર્ષક રેખાઓ ઉપસાવે છે. પણ પ્રેમાનંદનું કૌશલ તો પરિસ્થિતિ-અંતર્ગત થતું પાત્ર-ભાવનું એટલે કે માનવભાવનું સૂક્ષ્મ ને અસરકારક આલેખન કરવામાં સૌથી વધારે પ્રગટ થાય છે. માનવમનની અવઢવ કે દ્વિધાના ભાવને જ લઈએ તો પણ પ્રેમાનંદમાં

કેવાં ઝીણાં આલેખનો મળવાનાં! પિતાને મળવા જતી કુંવરબાઈની દ્વિધાગ્રસ્ત વેદના; અ-યાચક સુદામાની અવઢવભરી અકળામણ; વનમાં દમયંતીને ગુસ્સાથી એકલી છોડીને જતા નળમાં, દમયંતી પ્રત્યેના સ્નેહ-કર્તવ્યભાવથી થોડીકવાર જાગતી દ્વિધા વગેરે. પ્રેમાનંદે પૌરાણિક પાત્રોની આવી ભાવ-સ્થિતિઓ પોતાના સમયના જનસમુદાયના ભાવોની સમાન્તરે લાવીને આલેખી છે એમાં માનવ-સ્વભાવની અનેક લાક્ષણિકતાઓ એની ચકોર આંખે પકડી છે. ઓખા અને દમયંતીની લગ્ન-ઉત્સુકતા; કૃષ્ણ-સુદામાનો મૈત્રીભાવ; નણંદ-સાસુ-વડસાસુની અને સૌ નાગરોની પરપીડકવૃત્તિ અને એવા બીજા અનેક માનવભાવો – ઈર્ષ્યાના અને વેદનાના, લોભના અને ભયના; સ્નેહના અને શોકના ક્યારેક વિગતે તો ક્યારેક કોઈ એક પંક્તિના લસરકાથી એણે આલેખી આપ્યા છે. પોતાના સમયના શ્રોતાસમૂહને પ્રસંગ-પાત્ર-પરિસ્થિતિમાં તન્મય કરવાના કથાકાર-ચાતુર્યને લીધે (અને નગીનદાસ પારેખે યોગ્ય રીતે બતાવ્યું છે એમ પૌરાણિક પાત્ર-માનસને ચક્ષુપ્રત્યક્ષ કરવાની એની કલ્પનાની અશક્તિને કારણે પણ) માનવ-ભાવ-આલેખન ક્યારેક અતિ સામાન્યતામાં સરી પડતું. પૌરાણિક પાત્ર-પ્રતિમાને ખંડિત કરનારું બન્યું છે એ પ્રેમાનંદની મર્યાદા પણ બને છે પરંતુ આવી વિપરિતતા અનુભવાતી ન હોય એવાં અનેક સ્થાનોમાં માનવભાવોની કોઠાસૂઝ તથા એને તાદૃશ્યતાથી, પ્રત્યક્ષીકરણથી રજૂ કરવાની એની અભિવ્યક્તિ-કુશળતા મધ્યકાળમાં તો અપ્રતિમ ગણાય એવી છે.

### ૪. કવિશક્તિઃ રસનિરૂપણ

જેમ કથન-કળા પ્રેમાનંદનો આગવો વિશેષ છે એમ એનું કવિત્વ પણ એટલું જ આકર્ષક છે. એના સમયના અનેક પ્રચલિત રાગ-ઢાળોને

એણે પૂરા પ્રભુત્વથી યોજ્યા છે. અને એમાં પદ્યકારની સફાઈ અને લયસૂઝ ખૂબ ધ્યાનપાત્ર છે. પ્રકૃતિનાં, માનવસૌંદર્યનાં ને પ્રસંગોનાં વર્ણનોમાં, પ્રચલિત રૂઢતામાં એ કંઈક તણાયો હોવા છતાં એની આગવી રેખાઓ પણ ઊપસે છે એમાં એની કવિ-શક્તિનો ફાળો ઘણો મોટો છે. અલંકારોમાં એની વાગ્મિતા દેખાય છે તો એ સાથે જ પ્રસંગ-પાત્ર પ્રત્યક્ષ કરી આપતી ને ભાવના ઝીણા મરોડોને ઉપસાવી આપતી કવિ-કલ્પનાનું પ્રવર્તન પણ એમાં દેખાય છે.

કથાકેન્દ્રી કાવ્યોમાં રસનું નિરૂપણ મહત્ત્વનું ને કવિની શક્તિ કેટલી છે એનો હિસાબ આપનારું બનતું હોય છે. પ્રેમાનંદની રસનિરૂપણ શક્તિની બાબતમાં નવલરામની અત્યંત પ્રચલિત ઉક્તિ આજે પણ સ્વીકાર્ય લાગે છે, કે 'રસની બાબતમાં કોઈપણ ગુજરાતી કવિ એના પેંગડામાં પણ ઘાલે એવો નથી' પ્રેમાનંદના રસસંક્રાન્તિ-કૌશલની એમની વાત પણ એટલી જ સાચી છે. 'મામેરું' અને 'નળાખ્યાન'નો કરુણ રસ; 'મામેરું' અને 'સુદામાચરિત'નો ભક્તિરસ; 'ઓખાહરણ', 'નળાખ્યાન'માંનો શૃંગારરસ અને મુખ્યત્વે 'મામેરું', 'નળાખ્યાન' માંનો ને બીજાં ઘણાં આખ્યાનોમાંનો એનો હાસ્યરસ ખૂબ અહ્લાદક બલકે સ્મરણીય બનેલા છે. એક રસમાંથી બીજા રસમાં સહજ ગતિએ સરવાનું એનું કૌશલ તેમજ એક સાથે બે રસોનો યુગપત્ અનુભવ કરાવવાનું (જેમકે-'મામેરું'માં પહેરામણીની યાદી વખતે નાગરોના હાસ્ય ને કુંવરબાઈના કરુણમાં) પ્રેમાનંદની શક્તિઓ પ્રફુલ્લ બની રહી છે.

ભક્તિ, વાત્સલ્ય, બીભત્સ, વીર, ભયાનક, અદ્ભુત એવા રસો પણ પ્રેમાનંદે પ્રયોજ્યા છે પણ એનામાં મુખ્યત્વે કરુણ, હાસ્ય અને શૃંગારનું પ્રમાણ અને શક્તિ વધારે રહ્યાં છે; ઓખા, દમયંતી, નળ,

વિષયાના શૃંગારભાવોનાં કેટલાંક માર્મિક આલેખનોમાં એનો શૃંગાર સૂક્ષ્મસ્તરે ઊતર્યો છે પણ મહદ્અંશે એ રૂપવર્ણનોની પ્રચલિત કક્ષાએ રહે છે; એના કરુણ વધુ પ્રભાવક છેઃ કુંવરબાઈનો અને દમયંતીનો કરુણરસ એનાં ઉત્કૃષ્ટ ઉદાહરણો છે. શ્રોતા(વાચકો)ને આર્દ્ર બનાવનારી, એમને તદ્રૂપ કરનારી શક્તિ એમાં પ્રેમાનંદે દાખવી છે. અલબત્ત, નાટકી કરુણ સુધી પણ એ વારંવાર સરે છે એમાં એ સમયના કથાકાર તરીકેની એની વિલક્ષણતા કારણભૂત છે. એની કલ્પનાશક્તિનું સ્તર પણ એ માટે જવાબદાર છે.

હાસ્ય પ્રેમાનંદને વિશેષ ફાવતો રસ છે. સ્થૂળ હાસ્યમાં પણ એ ઘણીવાર ખેંચતો – ને પોતે ખેંચાતો હોય છે એમાં, ઉપર ગણાવી તે વિલક્ષણતા કારણરૂપ છે. છતાં માર્મિકતા ને સૂક્ષ્મતા પણ એના હાસ્યની મહત્ત્વની શક્તિઓ છે. કથાપ્રસંગો ને પરિસ્થિતિઓમાં એની નજર હાસ્યને ઝટ શોધી કાઢે છે –ક્યારેક તો મૂળ પ્રસંગમાં આછો નિર્દેશ હોય ત્યાં, ને નવી પરિસ્થિતિ યોજીને પણ એ હાસ્યને માટે જગા કરે છે ને એને ઉત્તમ રીતે બહેલાવે છે. દમયંતીને વરવા તૈયાર થયેલા અનેક રાજાઓનું આલેખન – અને અલબત્ત, દેવોની દુર્દશાનું આલેખન – એનું મહત્ત્વનું ઉદાહરણ છે.

મધ્યકાલીન આખ્યાન, માણભટ્ટોના વ્યવસાય તરીકેની એક પ્રવૃત્તિ તરીકે પણ વધુ ને વધુ શક્તિઓથી વિકસેલું છે. એમાં પ્રેમાનંદ ટોચે છે. કથાકાર અને કવિની પ્રતિભાથી કથન-વર્ણન-ગાન-અભિનયનાં કૌશલ્યોને પૂરેપૂરાં પ્રયોજીને એક ઉત્તમ રજૂઆતકાર (પરર્ફોર્મર) તરીકે પ્રેમાનંદની એક શક્તિમંત કલાકારની પ્રતિમા ઊપસી છે.

o

## આખ્યાનકાવ્ય કુંવરબાઈનું મામેરું

## આસ્વાદ-સમીક્ષા

નરસિંહ મહેતા પ્રેમાનંદથી બસો-સવા બસો વર્ષ પહેલાં થઈ ગયેલા ભક્ત કવિ. એમની કવિતા તો ઊંચી કોટિની હતી જ – પણ શિવ અને વિષ્ણુ બંનેની કૃપા પામેલા, દઢ શ્રદ્ધાવાળા એક પરમ ભક્ત તરીકેનું એમનું ચરિત્ર ઘણું વધારે ખ્યાત હતું. એવા ચરિત્રનો મહિમા વધારવા પ્રજાસમુદાય ઈશ્વરી ચમત્કારના કેટલાક કલ્પિત પ્રસંગો પણ ઉમેરતો ગયેલો ને પ્રેમાનંદ ઉપરાંતના એમના પૂર્વ કવિઓ નાકર, વિષ્ણુદાસ, વગેરેએ પણ નરસિંહના જીવનપ્રસંગો – હૂંડીસ્વીકાર, પુત્ર શામળશાનો વિવાહ અને પુત્રી કુંવરનું મામેરું વિશે આખ્યાનાત્મક કથાકાવ્યો લખેલાં. એ સર્વ પ્રસંગોમાં આ મોસાળું કે મામેરું વધુ રસપ્રદ છે કેમ કે એમાં ભક્તની ઈશ્વર-પ્રાર્થના ઉપરાંત મનુષ્યોના વ્યવહારજીવનની ઘટનાઓ પણ એવી જ કથા-રસિકતા ધરાવે છે.

**પ્રેમાનંદનું આ નમણું આખ્યાન**

પ્રેમાનંદે પુરાણો અને મહાકાવ્યોના જાણીતા પ્રસંગો પર ‘સુદામાચરિત’, ‘ચંદ્રહાઆખ્યાન’, ‘નળાખ્યાન’ જેવાં ઘણાં મહત્ત્વનાં આખ્યાનો લખેલાં છે પણ એ સૌમાં ‘કુંવરબાઈનું મામેરું’ કે ટૂંકમાં ‘મામેરું’ કે ‘મોસાળું’ નાનું અને નમણું આખ્યાન છે. એમાં જુદાજુદા પ્રસંગોનાં ખૂબ સુઘડ ને સુંદર ચિત્રો છે, વિવિધ પાત્રોની રેખાઓ બહુ ઉઠાવવાળી ને વાચકના ચિત્રમાં કાયમ રહી જાય એવી છે. વર્ણનો બિલકુલ લાંબાં નથી ને મામેરું કરવાનું નિમંત્રણ નરસિંહને મળે છે ત્યાંથી માંડીને એ ઈશ્વરકૃપાએ મોસાળું ખૂબ ઉત્તમ રીતે કરે છે ત્યાં સુધીનો ટૂંકો કથાપ્રવાહ, નાનાનાના સરસ કથાવળાંકો લેતોલેતો, એકધારી

રીતે વહે છે. એમાં પ્રસંગોને રસાળ રીતે આલેખવાની પ્રેમાનંદની કથનકળા, તથા એનું ઝીણા નકશીકામવાળું કવિત્વ – બંને ઘણાં મનભાવન છે.

**સહજ ને સીધો કથાપ્રવેશ**

ભાભીના કડવા વચનથી ઘર તજીને વનમાં જતા નરસિંહ આકરા તપથી શિવને રીઝવે છે ને પ્રસન્ન થયેલા શિવ એમને કૃષ્ણની રાસલીલાનો સાક્ષાત્કાર કરાવે છે; એ પછી ‘દુખવેળા સંભારજે, હું ધાઈ આવીશ તત્કાળ’ – એવું કૃષ્ણવચન પામીને, તથા કવિવાણી અને ભક્તિનું વરદાન પામીને ઘરે પાછા ફરતા, ગૃહસ્થાશ્રમ માંડતા ને ઘરભંગ થતાં ફરી કેવળ ભક્તિમાં લીન થતા નરસિંહનું ચિત્ર ઝડપથી આલેખીને કવિ પ્રેમાનંદ સીધી મોસાળાની કથા આરંભે છે.

પુત્રી કુંવરનું મોસાળું કરવાનું આવ્યું છે પણ એક તરફ ભક્તપિતા સરળ ને નિર્ધન છે ને બીજી તરફ સાસરી પક્ષનો  એ નાગર પરિવાર બહુ વાંકો, નિષ્ઠુર ને ‘ધન-અભિમાની’ છે. કુંવરની સાસુ નરસિંહ માટે કહે છેઃ ‘દરિદ્ર ઘરમાં ફેરા ફરે, એ મોસાળું ક્યાંથી કરે?’ (કડવુંઃ૩)

આવા અપમાનની વચ્ચે, મોસાળાનું વ્યવહાર-નિમંત્રણ પામતા નરસિંહ તો સ્વસ્થ છે. એ તો ભગવાનને જ એમનું વચન યાદ કરાવે છે ને કહે છે કે ‘ત્રિકમજી ત્રેવડમાં રહેજો, દ્રવ્યતણું છે કામ જી.’ (કડવુંઃ૪)

મામેરું કરવા જતા નરસિંહનું ચિત્ર પ્રેમાનંદે કેવું અદ્‌ભુત આલેખ્યું છે! દરિદ્રતાનો કોઈ સંકોચ નથી ને લોકલાજનો ભય નથી – એવો નરસિંહનો ભક્તિવૈભવ રમૂજની રેખાઓથી કવિએ ઉપસાવ્યો છે. સગાંસંબંધીમાં ત્રણ ભક્ત-સખીઓ અને ‘વેરાગી દસવીસ જી’. વહેલનો શણગાર કેવો – વાંકી ધૂંસરીઓ, કોઈની પાસેથી માગી લાવેલા તળાવા,

કોઈની પાસેથી પીંજાણીઓ, બે બળદ પણ ઉછીના લાવેલા, એમાં એક ઘરડો બીજો જવાન! એટલે 'એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી!' એવું મજાક-ચિત્ર ભક્તનો આદર રાખીને કવિએ દોર્યું છે. નરસિંહની મોસાળાની સામગ્રીમાં વસ્રો-ઘરેણાં તો ક્યાંથી હોય.? કોથળો ભરેલાં કીર્તન માટેનાં વાજિંત્રો છે, ગોપીચંદનની ગાંઠડી છે ને 'છાપાં, તિલક ને તાળ જી'. આવો તાલ જોવા પેલી ટિખળખોર નાગરી નાત આવે છે ત્યારે કવિ તો નરસિંહનો જ પક્ષ લે છે. કહે છે –

'શું જાણે વૈષ્ણવનો મહિમા, વિષયીપુરના લોક જી?'

ઉચ્ચ ગણાતો નાગર-પરિવાર કેવો હીન વ્યવહાર કરે છે! વેવાઈ નરસિંહને ને સાથીઓને ઠાલા વિવેકથી મળે તો છે પણ મહેમાનને ઉતારો કેવો મળે છે? –

'ઝાઝા માંકડ ઝાઝા જુવા; ત્યાં મહેતાજીના ઉતરા હુવા.'

કવિ પ્રેમાનંદે 'જુવા' અને 'હુવા'નો પ્રાસ કેવો દાઢમાં દબાવીને કર્યો છે. નાગરી નાતની જીભથી નરસિંહ માટે નર્યો તિરસ્કાર ને અપમાન જ ઠલવાય છે :

'છાબમાં તુલસીદલ મૂકશે, ઊભો રહીને શંખ ફૂકશે;
... એમ મોસાળું પૂરું થાશે.'

(કડવું-૫)

## કુંવરબાઈની વ્યથાનું મર્મ-વેધી ચિત્ર

દુનિયાની નજરે – વ્યવહારજગતની દૃષ્ટિએ આટલો મોટો ભક્ત પણ કેવો તુચ્છ ને મજાકપાત્ર છે એ કવિએ પોતાની સર્વ શબ્દશક્તિને કામે લગાડીને બતાવ્યું છે – ને આખરે તો સત્ ચરિત્રવાળા ભક્તનો જ મહિમા કર્યો છે.

નાગરી નાત સ્પષ્ટ છે : આવી સાવ નિર્ધનતા એ તે કંઈ 'મોસાળું

કરવાના ઢંગ' છે? બીજી બાજુ ભક્ત નરસિંહ પણ સ્પષ્ટ છે : 'મોસાળું કરશે શ્રી હરિ.' – જશે તો ભગવાનની આબરુ જશે, મારી નહીં.

પણ આ બેની વચ્ચે – આ 'જગત' ને આ 'ભગત'ની વચ્ચે ભીંસાય છે કુંવરબાઈ! એ પિતાનું અપમાન પણ વેઠી શકતી નથી ને પિતાની નિર્ધનતા પણ એને અકળાવે છે. એટલે આ કથામાં કરુણ પાત્ર તો એક કુંવરબાઈ જ છે. પિતાને મળવા જતી કુંવરને નણદી બહુ તેજાબી મહેણું મારે છે – શું જોઈને હરખે મળવા ચાલ્યાં? 'એવા બાપથી ન-બાપાં ભલાં' (કડવું-૫). નણંદને તો એ જવાબ આપે છે – 'એવો પિતા મારે જીવતો રહો'. પણ પિતા આગળ એની બધી જ અકળામણ ઠલવાઈ જાય છે, ને એ આકરાં વેણ (પોતા તરફથી ને જાણે સાસરિયાં તરફથી પણ!) સંભળાવે છે : 'નિર્ધનનું જીવ્યું ધિક્કાર', અને કહી બેસે છે 'હું શેં ન મૂઈ મરતે માત?'. કથાકાર પ્રેમાનંદે – અહીં કુંવરબાઈને મુખે, વ્યવહારમાં પણ કાળજી લેતી માતાનો મહિમા ગાયો છે. 'ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર'. એ રડીને હળવી થાય છે ને પિતાએ માથે હાથ મૂક્યો એથી એનામાંય થોડીક ઈશ્વરશ્રદ્ધા જાગે છે.

પણ એની થોડીક શ્રદ્ધા પણ સાવ ચૂર થઈ જાય છે જ્યારે એની વડસાસુ, મોટા ધનવાનથી પણ પહોંચી ન વળાય એવી મામેરાની યાદી લખાવે છે. આ વડસાસુ જેવું કુટિલ અને મુત્સદી, મીઠી જીભે છરી ફેરવી દે એવું નિષ્ઠુર-નિર્દય પાત્ર આખા મધ્યકાળમાં માત્ર પ્રેમાનંદ જ આલેખી શક્યા છે. 'વડસાસુ ઘણું ભારે માણસ' એમ શરૂઆત કરીને એમણે ધીરેધીરે કુંવરબાઈને તથા આપણને – વાંચનારને પણ – ખાતરી કરાવી દીધી છે કે ખરેખર, એ વડસાસુ કેવી વિકરાળ

છે. છઠ્ઠા કડવાની એકએક પંક્તિમાં આવતો, ને દરેક વખતે નવો લહેકો ને નવો અર્થમર્મ પ્રગટાવતો 'વહુજી' શબ્દ; તથા સાતમા કડવાની ધ્રુવ પંક્તિ 'ડોશીએ ડાટ વાવ્યો રે' – કથારસની તેમજ કાવ્યરસની દૃષ્ટિએ બહુ પ્રભાવક છે ને એ વખતના શ્રોતાસમુદાય પર એણે કેવી ઘેરી અસર પાડી હશે એનો ખ્યાલ આપે છે.

કુંવરબાઈ આ યાદી જોઈ એટલી બધી હતાશ થાય છે કે એ ભાંગી પડે છે ને કહી બેસે છે : 'સાધુ પિતાને દુખ દેવાને મારે સીમંત શાને આવ્યું રે?' ને અકળાઈને નરસિંહને કહે છે – 'પિતાજી, તમે પાછા પધારો; અહીં રહ્યે ઈજ્જત જાશે રે! (કડવું-૭) પણ દઢ ભક્ત તો કહે છે કુંવરબાઈને કે, તારે કે મારે કોઈએ ચિંતા કરવાની જરૂર નથી, એ ચિંતા ઈશ્વરની છે : 'જો એ મોસાળું નહીં કરે તો ઉપહાસ એનો થાશે રે!'

શ્રદ્ધા-અશ્રદ્ધા વચ્ચે ઝૂલતી કુંવર વળી પાછી આશ્વાસન પામે છે ને એનામાં વિશ્વાસ પ્રગટે છે.

કથાનક તો જાણીતું છે પણ માનવમનની, એના ઉદ્ગારોમાં વ્યક્ત થતી ભાષાની પ્રેમાનંદની જે સૂઝ છે એ સર્જક કથાકારની છે. વડસાસુની ભાષા, કુંવરબાઈની ભાષા ને સ્વસ્થ નરસિંહની ભાષા એકેએક ઉક્તિમાં, ક્યારેક શબ્દની માર્મિકતામાં કેવી ઉત્તમ રીતે પ્રગટે છે એ આ કડવામાં જોઈ શકાશે.

**ભક્તની વધુ કસોટી**

અત્યંત જીર્ણ ઉતારો આપીને અપમાન કર્યું એ ઓછું હોય એમ હવે, આંગણે આવેલા નરસિંહને સ્નાન કરવા માટે 'શ્રીફળ ફાટી જાય' એવું ઊકળતું પાણી આપ્યું! નમ્રતાથી નરસિંહે સમોવણ માટેનું ઠંડુ પાણી માગ્યું ત્યારે વેવાણે ઠઠ્ઠો કર્યો કે, ભગવાનના તમે પરમ

ભક્ત, એટલે 'માગ્યો મેહ વરસે મહેતાજી, તે અમ પાસે શું માગો જી?' નરસિંહ ચમત્કાર કરવા માટે નહીં પણ ભક્તનો ઉપહાસ થાય એમાં ભગવાનનો મહિમા ઘટશે – એમ સમજીને મલ્હાર ગાય છે, વરસાદ વરસે છે.

પણ હવે કથાકારની ખરી કુશળતાનો એક ઉદ્ગાર છે. પ્રેમાનંદ કહે છે, 'વેવાઈના ઘરમાં જળ ધસ્યું' એવો મૂશળધાર વરસાદ વરસ્યો, તેમ છતાં, વરસાદ બંધ થતાં જ – 'ઠગ નાગર કહે, થયું માવઠું, એમ વરસે છે કંઈવાર રે...' પ્રેમાનંદ અહીં પહેલીવાર આ ધનિક ને ગર્વિષ્ઠ નાગરો માટે 'ઠગ' શબ્દ વાપરે છે. – જુઠ્ઠા, દેખીતા સત્ય સામે અસત્ય બોલનાર, વંચક! શ્રોતાઓ હવે નાગરો પર હસે છે.

નાગર સ્ત્રીઓની મજાક-મશ્કરી ચાલુ જ છે – દાઢમાં દબાવી દબાવીને, થાય એટલા કટાક્ષો ને થાય એવાં આકરાં અપમાન એ કર્યે જ જાય છે પણ નરસિંહ તો હવે ઈશ્વરકીર્તન શરૂ કરે છે. ( કડવું-૧૨).

**હવે વળાંક લેતી કથા**

કરુણરસ અને હાસ્યરસના પટમાંથી હવે ભક્તિના શાન્તરસ તરફ વળતું આ આખું (૧૨મું) કડવું ભક્તિ-કીર્તનનું છે. કેવાકેવા ભક્તોને ઈશ્વરે કેવાકેવા સંયોગોમાં કેવી સહાય કરેલી એની પુરાણ-પ્રોક્ત કથા કવિએ આ કીર્તન-ગાનમાં ગૂંથી લીધી છે. ઈશ્વરમહિમા ના ગાન ને ઈશ્વરપ્રાર્થનાને અંતે નરસિંહ ભગવાનને  વિનીતભાવે જાણે ચેતવણી આપે છે –

જો નહીં આવો સુંદર શ્યામ,
તો છે નાગર સાથે કામ.

'સુંદર' અને 'નાગર' નો વિરોધ તથા 'શ્યામ' અને 'કામ'નો પ્રાસ પંક્તિને મરમાળી બનાવે છે. નાગર ઊજળા ને શ્રેષ્ઠી ને પ્રતિષ્ઠિત

ગણાય, એમનું નરસિંહ પ્રત્યેનું વર્તન સ્હેજ પણ પ્રતિષ્ઠા અપાવનારું નથી – એટલે 'સુંદર'ની સામે હવે આ મનથી 'અસુંદર' એવા નાગર!

**સુંદર રૂપે સાક્ષાત્કાર**

સાક્ષાત્કાર કોઈ તેજ-વલય રચનારો કે આંજી નાખનારો હોય એ આધ્યાત્મિક અનુભવ ગણાયો હશે. પણ અહીં કવિએ સાક્ષાત્કારને સૌંદર્ય રૂપે પ્રગટાવ્યો છે. મામેરા પ્રસંગે શણગાર સજીને આવેલી ભદ્ર-સુંદર નાગરી નાતને ઝાંખી પાડી નાખે એવી મનોહર દામોદર દોશી અને જાજરમાન કમળા શેઠાણીના જોડીના રૂપમાં વિષ્ણુ (કૃષ્ણ) અને લક્ષ્મી મામેરું કરવા માટે આવે છે. વિષ્ણુનું આ નવીન રૂપ જુઓ :

'વાઘો શોભે કેસર છાંટે રે,
બાંધી પાઘડી અવળે આંટે રે;
કાને કુંડળ હીરે જડિયાં રે,
નેત્ર પ્રલંબ શ્રવણે અડિયાં રે'

પુરુષ-સૌંદર્યનું એક અનુપમ દૃષ્ટાંત! અને 'પ્રભુ પૂંઠે કમળા રાણી' કેવાં છે!

'વિશાળ લોચન ચંચળ ચાલે રે,
કે શું ખંજન પડિયાં ગાલે રે?
છે અધર બિંબ પરવાળી રે,
ઉપર ઢળકે વેસર વાળી રે.'

મજાક-ઠઠ્ઠા વિરમી ગયા, ને આ રૂપવૈભવ ને એમની સાથેનો ધનવૈભવ જોઈને 'ઊતર્યાં નાગરીનાં અભિમાન રે!

વાતાવરણને એકદમ પલટી નાખતું આ વર્ણન પ્રેમાનંદે થોડીક પંક્તિઓમાં પણ મન ભરીને કર્યું છે. નાગરો સ્તબ્ધ ને શ્રોતા/વાચકો ચકિત ને પ્રસન્ન!

અંજાઈ ગયેલાં કુંવરબાઈનાં સાસુ જ્યારે કમળા શેઠાણીને પૂછી બેસે છે કે તમારું મહેતા સાથે સગપણ શું છે રે? ત્યારે એમની મૂર્ખામી પર ટોણો મારતાં કમળા કહે છે–

'વેવાણ, તમો નવ જાણિયાં રે,
મહેતો બ્રાહ્મણ ને અમે વાણિયાં રે?' (કડવું-૧૩)

પેલી ચતુરાઈ ક્યાં ગઈ કે આવી સાદી વાત પણ ન સમજાઈ? – એ કવિએ કરેલો કટાક્ષ છે. હવે વારો મામેરું કરનારનો છે!

પ્રેમાનંદનું કવિકૌશલ ને વ્યવહારજ્ઞાન બંને પહેરામણીના પ્રસંગ-આલેખનમાં દેખાય છે. અત્યારે તો ભાગ્યે જ થોડાંકનાં નામ પરિચિત હોય એવું વસ્ત્રવૈવિધ્ય ને ઘરેણાં વૈવિધ્ય સાવ યાદી રૂપે આવ્યું નથી. વડસાસુએ યાદી કહી ત્યારે એકએક પંક્તિમાં ખીચોખીચ વસ્તુ-વિગતો ઠોંસેલી હતી. હવે કવિ જરા બહેલાવીને, વરણાગી રીતે, એ જ યાદીની વસ્તુઓને – એકએક, વીણીવીણીને – છતાં સરસ રીતે રજૂ કરે છે –

'ગંગાવહુને ગજિયાણી સાડી...
છબીલી વહુને છાયલ ભારે...

એમ પ્રાસ-લીલા દ્વારા ટિખળી વર્ણન કરે છે. ને 'ગોરે અંગે સુંદર શોભે માંહે કાપડું કાળું જી' એમ સૌંદર્ય-શૃંગાર-ચિત્ર પણ ઉપસાવી દે છે!

બધાં જ મહેણાં, બધી જ ફરિયાદોનું નિરસન કથા-કૌશલથી, વિગતવર્ણનથી, કાવ્યલયથી થયું છે ને ૧૫મા કડવાની છેલ્લી પંક્તિમાં હતાશાને નિવારતો સંતોષનો એક ઉદ્‌ગાર સંભળાય છે :

'સાસરિયાં સર્વે વખાણે, 'પિયર-પનોતી કુંવરવહુ'

કથાકાર પ્રેમાનંદ કથાને અંતે વળી એક ઑર ચમત્કાર ઉછાળે છે. મામેરું થઈ ગયું, 'અલૌકિક શેઠશેઠાણી'એ વિદાય લીધી. હવે નરસિંહ

પાસે તો, પહેલાં કે હવે, કશું જ ન હતું; ત્યાં કુંવરની નણંદ, એની દીકરીને કશું ન મળ્યું – એવી ફરિયાદ કરે છે. કુંવરબાઈને ચિંતા થઈ – 'હવે'? ત્યાં 'પંચ રંગનું ગગન વિશેથી પડ્યું કાપડું એક જી.'
હવે ઉત્તમ વહેલ છે —

'પછે કુંવરબાઈ વહેલે બેસી જૂનેગઢ તે જાય જી.'

મધ્યકાલીન કવિતાપરંપરામાં, કવિના જીવનની વિગતો, ને ખાસ તો કાવ્યનો રચનાસમય ને રચનાસ્થળ મૂકવાની ચોકસાઈ આ કાવ્યમાં પણ છે.

સહજ ગતિવાળું ને છતાં વિવિધ દૃશ્યો અને મનોભાવની રંગછટાઓ દાખવતું આ કાવ્ય તૃપ્તિનો ને પ્રસન્નતાનો અનુભવ કરાવતું એક સુંદર આખ્યાન છે.

○○○